# વૈદિક જ્યોતિષ સંસ્થાન

# VEDIC JYOTISH SANSTHAN

Reg. No. Bombay Public Trust Act
**Wide Registration No. E-26475 (Mumbai)**
175/43-D, Panchsheel CHS., Sector-1, Charkop, Kandivali (W), Mumbai - 400 067.

## પ્રમાણ પત્ર અને ચંદ્રક વિતરણ

## Medal & Certificate Distribution

**Venue:** J.B. Khot High School, Saibaba Nagar, Borivali (W), Mumbai - 400 098.

## ગુરુ પૂર્ણિમા મહોત્સવ

**Guru Purnima Mahotsav**

**On 25th July - 2010**

1) Lecture : 2.00 p.m.
2) Medal & Certificate : 3.30 p.m.

**OUR CENTRES : MALAD * BORIVALI**

હરિ ૐ

# સંસ્થા પરિચય

વેદિક જ્યોતિષ સંસ્થાનનો મૂળ ઉદ્દેશ્ય આજના આધુનિક યુગમા જ્યોતિષ તથા વાસતુશાસ્ત્રને પહેલા જેટલું જ આદરપાત્ર બનાવવાનું તથા જ્યોતિષ અને વાસ્તુશાસ્ત્રને જીવત રાખવા માટે નિ:સ્વાર્થભાવે તેનો પ્રચાર અને પ્રસાર કરવાનો છે.

હાલનું દૂષિત માનસ જ્યોતિષ તથા વાસ્તુશાસ્ત્રને ખુબ જ નિમ્નકક્ષાનું ગણે છે. શાસ્ત્રના રચનાકારો એ કલ્પના પણ ન કરી હોય એવી અવહેલના આજના સમયમાં થવા માંડી છે, લોકો જ્યોતિષ કે વાસ્તુમાં વિશ્વાસ જાહેર કરવામાં નાનમ કે શરમ અનુભવતા હોય છે, ગુપ્તતા જાળવતા હોય છે ,હિણપત અનુભવતા હોય છે, શાસ્ત્ર પ્રત્યે સૂગ ધરાવતા હોય છે, કારણ શું...? કારણ કે આજે આપણે આપણી મૂળ સંસ્કૃતિથી વિમુખ થઇ રહ્યા છીએ. સંસ્થા લોકોના માનસમાંથી આ વિદ્યા કે શાસ્ત્ર પ્રત્યેના ખોટા ભ્રમ અને ડર દૂર કરવાના હેતુ થકી નિસ્વાર્થ પ્રયાસ દ્વારા લોકોને જ્યોતિષનું નિર્મળ જ્ઞાન પ્રદાન કરે છે.

જ્યોતિષશાસ્ત્ર પાસે લોકોની અપેક્ષા એલોપથી દવા જેવી થવા લાગી છે. આજના સમયમાં લોકોને પોતાની તકલીફોનુ તરતજ નિવારણ જોઇએ છે. લોકોને અંધશ્રધ્ધા, પૂર્વગ્રહ તથા હાથોહાથ નિકાલ આપતા અન્ય ઉપાયો દ્વારા તેમની તકલીફોનુ કલાક અને મિનિટોમાં જ સમસ્યાનું નિરાકરણ જોઇએ છે. ટીકડી ખાતાજ..દર્દ ગાયબ...! આ માનસ બદલી ,સમજવુ જોઇએ કે સંસ્થાનો અભ્યાસક્રમ એ એક ગણત્રી તથા વિજ્ઞાન જ છે, જેના દ્વારા વૈજ્ઞાનિક પધ્ધતિથી પૌરાણિક દાખલા, કથાઓ, દ્રષ્ટાંતો દ્વારા ખુબજ સરળ પધ્ધતિથી શાસ્ત્ર ભણાવવામાં આવે છે. જ્યોતિષ શાસ્ત્ર, હસ્તરેખા શાસ્ત્ર, વાસ્તુ શાસ્ત્ર તેમજ સ્વરજ્ઞાન વગેરે વિષયોને આવરી લઇ વિસ્તૃત અભ્યાસ ક્રમ દ્વારા જ્ઞાનદાનની નિ:શુલ્ક સેવા માનદ્ અધ્યાપકો દ્વારા આપવામાં આવે છે. કોઇ પણ નાત- જાતના ભેદભાવ વગર ભાષાનું સામાન્ય જ્ઞાન ધરાવતાં કોઇપણ ઉંમરના ભાઇ- બહેનો ને જ્ઞાન મેળવવાનું સહૃદય આમંત્રણ આપવામાં આવે છે. વર્ષાંતે પરિક્ષા લઈ પ્રમાણ-પત્ર આપવામાં આવે છે. આ શાસ્ત્ર વેદો દ્વારા મળેલો અમુલ્ય વારસો છે, વરદાન છે, જે ઋષિ મુનિઓની ન જાણે કેટકેટલા વર્ષોની મહેનતનો નિચોડ છે? જ્યોતિષ શબ્દનો અર્થ શું છે? ઉત્તર છે , ઈશ્વર ની જ્યોત..! માનવને જીવન જીવવાના માર્ગો તો અનેક છે, પરતું સદ્-જીવન જીવવાનો સાચો માર્ગ કયો છે? તે આ ઈશની જ્યોતનો પ્રકાશ એટલે કે જ્યોતિષશાસ્ત્રના જ્ઞાન દ્વારા જ જાણવા મળી શકે છે .

### ※ માનદ્ અધ્યાપકો ※

શ્રીમતિ બીનાબેન જોષી શ્રી અશોકભાઈ ચૌહાણ શ્રીમતિ કુંદનબેન દેસાઈ

### ※ વ્યવસ્થાપન સમિતિ ※

શ્રી મુકેશભાઈ મહેતા શ્રી વિપુલભાઈ શાહ શ્રી શર્વીલભાઈ વૈદ્ય
શ્રીમતિ જાગૃતિબેન મહેતા શ્રીમતિ વાસંતીબેન ભદ્રા

# અમારા માનવંતા મહેમાન



**શ્રીમતી સ્મિતાબેન આર. પાટકર** અનાવીલ બ્રાહ્મણ કુટુંબમાંથી આવેલ છે, એમણે એમ.એ. તથા એમ.ઈડી. કરેલ છે. તેમના જીવનનો મુદ્રાલેખ છે કે શાળા એ મંદિર છે તથા શિક્ષણ આપવું એ પુજા-આરાધના છે, તેઓ લગભગ ૧૮ વર્ષ સુધી શિક્ષીકા તરીકે સેવા આપી ચુક્યા છે. વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી એમને આગળ વધતા જોઈ ગર્વ અનુંભવે છે, એમનું જીવન ધ્યેય છે કે દેશનું દરેક બાળક-બાલીકા શિક્ષીત હોય, શિક્ષણ નો પ્રકાશ સર્વત્ર ફેલાય, શિક્ષા ક્ષેત્રે ૧૮ વર્ષની સેવા આપ્યા બાદ તેઓ સરકારના એજ્યુકેશન ઈન્સ્પેક્ટર (શિક્ષણ ક્ષેત્રે તપાસ કર્તા) તરીકે ૬ વર્ષ સેવા આપી, આ દરમ્યાન તેઓને વિદ્યાર્થીઓની સમસ્યાઓનો સારો એવો અનુભવ થયો અને તેમની ઉત્કૃષ્ઠ સેવા તથા અનુભવને કારણે સરકાર દ્વારા મોટી જવાબદારી આપવામાં આવી જે (શિક્ષણ વ્યવસ્થા) એજ્યુકેશન સુપરીટેન્ડટ તરીકે ની તી અહીં તેમણે પોતાની કાર્ય સાધકતા, કાર્ય સમતા, સમર્થતાનો ઉત્કૃષ્ઠ પરીચય આપ્યાબાદ નિવૃત્ત થયા, પરંતુ બીજા લોકોની જેમ નિવૃત્તિ બાદ શાંત બેસવું એમના સ્વભાવમાં ન હોવાને કારણે ફરી શિક્ષણ ક્ષેત્રમાં સેવા માટે બોરિવલી ની બન્ને તરફ રહેલી જયાબેન ખોત હાઈસ્કુલ ખાતે એજ્યુકેશન ડિરેક્ટર તરીકે ની સેવા માં પ્રવૃત્ત થઈ ગયા, તે ઉપરાંત તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના મહીલા વિભાગમાં કાર્યરત રહે છે, તે ઉપરાંત તેઓ કુમારીકાઓ તથા યુવતીઓના સુધારા, પ્રગતી, શિક્ષણના લાભાર્થે કાર્ય કરનારી સંસ્થાના પ્રમુખ પદની જવાબદારી પણ સંભાળે છે, વૈદિક જ્યોતિષ સંસ્થા તેમની આ સેવા મય સફરમાં હમેંશા આગળ વધવાની શુભેચ્છા આપે છે અને ઈશ્વર તેમને આ કાર્યમાં હંમેશા આગળ વધવાની શકિત પ્રદાન કરે છે અને આપણી સંસ્થાના ગુરૂ પૂર્ણિમા સમારોહ ના માનવંતા મહેમાન બનવા નું આમંત્રણ સ્વિકારવા બદલ આભાર વ્યક્ત કરે છે.

---



**કું.ગીતાબેન કાન્તિલાલ ગાંધી** બી.એ. સંસ્કૃત પ્રથમ વર્ગ (ગુજ. યુનિવર્સીટીમાં દ્વિતીય) ગુજરાત યુનિવર્સીટી માર્ચ ૧૯૭૦ નેશનલ સ્કોલરશીપની પ્રાપ્તિ, એમ.એ. સંસ્કૃત પ્રથમ વર્ગ (ગુજ. યુનિવર્સીટીમાં પ્રથમ), ગુજરાત યુનિવર્સીટી માર્ચ ૧૯૭૨ બે સુવર્ણ ચંદ્રકની પ્રાપ્તિ (૧) સંસ્કૃત વિષયમાં યુનિવર્સીટીમાં પ્રથમ સ્થાન માટે (૨) લેંગ્વેજ ગ્રુપ માં યુનિવર્સીટીમાં પ્રથમ સ્થાન માટે, સંસ્કૃત વિષયમાં અધ્યાપિકા ૧૯૭૩ થી શ્રીમતી સી.સી. મહિલા આર્ટસ્ અને શેઠ સી.એન. કોમર્સ કોલેજ, વિસનગર, સંસ્કૃત વિષયમાં અનુસ્નાતક અધ્યાપિકા ૧૯૭૯થી ઉપરોક્ત કોલેજમાં ૨૦૦૫ થી ૨૦૦૭ સુધી ઈન્ચાર્જ પ્રન્સીપાલ. કોલેજમાં સંસ્કૃત ભાષાના નાટકો તથા એકપાત્રીય અભિનયનું દિગ્દર્શનમાં યુનિવર્સીટી કક્ષાએ પ્રથમ સ્થાન. સંસ્કૃત શિક્ષણની અર્વાચીન પદ્ધતિ કિલષ્ટ અને લગભગ બોધરહિત ગોખણ પટ્ટીવાળી છે, પરંતુ પ્રાચીન પરંપરાની પદ્ધતિ સંપૂર્ણત: બુદ્ધિગમ્ય અને તાર્કિક છે. આ માન્યતાના પ્રબળ સમર્થક હોવાને નાતે તેઓ પ્રાચીન પાણિનીય પરંપરાગત પદ્ધતિ દ્વારા સંસ્કૃતને ભાષા નહીં પરંતુ સંસ્કૃતને શાસ્ત્રનું માનવંતું સ્થાન પાછુ પ્રદાન કરાવવાના મહાયજ્ઞનો ભગીરથ પ્રયાસ કરી રહ્યા છે. આજે પણ તેઓ પ્રાચીન પાણિનીય પરંપરાગત પદ્ધતિ દ્વારા સંસ્કૃત શિખવાની ઈચ્છા ધરાવનારા લોકોને નિ:શુલ્ક અધ્યયન કરાવે છે. આપણી સંસ્થાના ગુરૂ પૂર્ણિમા સમારોહના માનવંતા મહેમાન બનવાનું આમંત્રણ સ્વિકારવા બદલ આભાર વ્યક્ત કરે છે.



નિકુંજ શેઠ

"પરિશ્રમ કરીને જે પ્રભુને અર્પણ કરી દે છે
ખરેખર ધૂળમાંથી રત્ન પેદા કરી દે છે."

૧૧ વર્ષ પહેલા અંગ્રેજી ભાષાના પ્રવાહની વિરૂધ્ધ દિશામાં માતૃભાષા ગુજરાતીને જીવતી રાખવાનો પરિશ્રમ અમે શરૂ કર્યો. પરંતુ પરિશ્રમ અમે પ્રભુ ને અર્પણ કરવાની ભાવનાથી શરૂ કર્યો. નિ:સ્વાર્થ, નિ:શુલ્કભાવે અંગ્રેજી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓને ગુજરાતી ભણાવવાનું શરૂ કર્યુ. આજે ૧૧૫ નિ:સ્વાર્થી બહેનો, ભાઈઓ , બાળશિક્ષકો અને ૨૨ વર્ગ રૂપી રત્ન પેદા થઈ ગયુ છે. આજે દરેક વર્તમાન પત્રોએ ગુજરાતીને જીવતી રાખવાની વાતને ગંભીરતાથી લીધી છે. અમને દરેક વર્તમાન પત્રોનો સહકાર પણ છે.

જગતમાં દરેક પ્રગતિશીલ દેશો પોતાની માતૃભાષામાં ભણીને જ પ્રગતિને પામ્યા છે, તો ગુજરાતીઓમાં અંગ્રેજીનું ગાંડપણ શા માટે છે ? ઈ.સ.૧૮૩૫માં ટી.બી મેકેલો નામના અંગ્રેજે અંગ્રેજી ભાષામાં ભણવું ગૌરવશાળી છે આ વિચાર ઘુસાડયો. તેણે તેના પિતાને પત્ર લખ્યો હતો કે ભારતમાં અંગ્રેજી માધ્યમમાં ભણવાથી એક પણ હિન્દુ સાચા હૃદયથી પોતાના ધર્મને અનુસરશે નહીં. આમ ખ્રિસ્તી બનાવ્યા વિના જ આપણી વિચારશીલતાને અપનાવતો થશે. આ પત્રની નકલ મારી પાસે છે.

આજે ૧૫૦ વર્ષ પછી આ વાત કેટલી સત્ય લાગે છે. બાળક માતૃભાષા છોડે છે, એટલે માતૃભૂમિ સરળતાથી છોડવા તૈયાર થાય અને અંતે પોતાની મા ને છોડી દે છે. જે 'મા' એ પોતાની યુવાનીના ૨૦-૨૦ વર્ષ છોકરાના શિક્ષણ પાછળ ખર્ચી નાખ્યા તે મા જયારે બિમાર પડે છે કે મૃત્યુ પામે છે ત્યારે છોકરાને ફૂરસદ નથી વિદેશથી ભારત આવવાની. માટે બાળકોના માતા પિતા જાગી જાવ સારુ ધાર્મિક અને શાશ્વત સુખ વાળુ જીવન જીવવુ હશે તો ગુજરાતી માતૃભાષા ભણવી જ પડશે.

દરેક મા- બાપે એક મોટી ભ્રાંતિમાથી બહાર આવવાનુ છે કે અંગ્રેજી માધ્યમમાં ભણવાથી જ બાળકોનો સર્વાંગી વિકાસ થાય છે. ના, બાળકને સારા સંસ્કાર મળવાથી તેનો સર્વાંગી વિકાસ થાય છે અને સારા સંસ્કાર મા અને માતૃભાષા જ આપી શકે છે. અમે ૨૨ ગુજરાતી વર્ગોમા (બોરીવલી થી દાદર) માતૃભાષા ભણાવી, ગુજરાતી પંચતંત્ર , હિતોઉપદેશ , ભકતચરિત્રની વાર્તાઓ દ્વારા બાળકમાં સદગુણ સિંચન કરવાની કોશિશ કરીએ છીએ. કવિતા દ્વારા મીઠાશ, રમત દ્વારા જીવનમાં આગળ નીકળવાની વૃતિ અને ધ્યાન દ્વારા ભણેલુ સરળતાથી યાદ રાખી શકે તેવી પધ્ધતિ શીખવીએ છીએ. જે દ્વારા દરેક ગુજરાતી બાળક પોતાની બુધ્ધિનો વિકાસ કરી શકે.

---



રીટા મહેતા Msc. (Biological Science) અત્યારે PhD Research કરી રહી છું. છેલ્લાં પાંચ વર્ષથી રામગલી, કાંદીવલી વર્ગમાં મારા બન્ને બાળકો સાથે ગુજરાતી ભણાવવાની સેવા આપી રહી છું. મારો દિકરો IIT, Powai માં બીજા વર્ષમાં ભણે છે અને નાનો દિકરો ૧૨મા ધોરણમાં ભણે છે. તેઓ બન્ને અને તેમની સાથે ગુજરાતી ભણી ગયેલા તેમના મિત્રો જેઓ પણ ઉચ્ચ શિક્ષણ ભણતા ભણતા નિયમિતપણે ગુજરાતી વર્ગમાં ભણાવવાની નિ:સ્વાર્થ સેવા આપી રહા છે. અમારા વર્ગ ચાલુ થયા ત્યારે મારા બાળકો સાથે આજુબાજુની સોસાયટીના ૮-૧૦ બાળકો ભણતા હતા અને આજ અંદાજે ૩૦-૪૦ બાળકો નિયમિતપણે વર્ગમાં ગુજરાતી શીખવા અને શીખવવા આવે છે. હું એકવાત અહીં રહેલા સર્વેને ભારપૂર્વક જણાવીશ કે મારા બાળકોમાં જે સંસ્કારો છે જેવા કે રોજ સવારે ઉઠીને માબાપને, વડીલોને પગે લાગવું, બધાની સેવા કરવી તે ગુજરાતી વર્ગમાં ભણ્યા પછી જ તેમના જીવનમાં કાયમ માટે ઉતરી ગયા છે. અહીં વર્ગમાં જે રીતે બોધકવાર્તાઓ, રામાયણ, મહાભારત, ગીતાની વાતો અને તેમનો મર્મ અને આજના કલિયુગના સંદર્ભે તેમનું મહત્વ જે નિકુંજસર બાળકોને સમજાવે છે તે ખૂબ જ ઉત્તમ છે. તેમાંથી બાળકોને ખૂબ જ શીખવા મળે છે. મારા પોતાના મારા બાળકોના ઉછેર દરમિયાન જે એ વાત ખૂબ જ સ્પષ્ટ તરી આવે છે કે માતૃભાષા શીખવાથી બાળકોમાં પોતાના ધર્મના, આપણા સંસ્કારોનું સિંચન થાય છે એ નક્કર સત્ય છે. બાળકોનો સર્વાંગી વિકાસ થાય છે. ભલે અંગ્રેજીભાષા જ્ઞાન ખૂબજ જરૂરી છે પણ સાથે સાથે માતૃભાષા તો દરેકને આવડવી જ જોઈએ. અમે દરેક માબાપે પોતાના બાળકને માતૃભાષા શીખવવી જ જોઈએ.



Ashokbhai Chauhan
President
(Jyotishalankar)
Hon. Trustee



Bina Joshi
Principal
(Jyotishalankar)
Hon. Trustee



Kundanben
Vice Principal
(Jyotishalankar)

# સદ્ગુરુ મહિમા

આપણાં દેશમાં ગુરુ-શિષ્ય પરંપરા હજારો વર્ષ પૂર્વેથી ચાલી આવી છે. આપણે ગુરૂ-પૂર્ણિમાનો ઉત્સવ ઉજવીને આપણાં ગુરુજનો પ્રત્યે આદરાંજલિ આપીએ છીએ. જે આપણાં જીવનમાં સાચો રાહબર બને, જીવનને સાચા રસ્તે જીવવાની ચાવી આપે, જીવનમાં સત્ય અને ભક્તિની સાચી કેડી બતાવે તે જ સદ્ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપ હોય છે. આવા સદ્ગુરુ પોતાના શિષ્યને સત્યસ્વરૂપ બતાવીને ભેદમાં અભેદ દર્શાવીને અને શિષ્યના જીવત્વને સીટાવી શિવત્ત્વમાં સ્થિત કરે છે. આ જીવનમાં સાચા સદ્ગુરુ મળવાં તે એક અમૂલ્ય ઈશ્વરકૃપા છે. આપણે ગુરુવંદન કરવાથી અહંકારથી મુક્ત થવાના રસ્તે ચાલવાની શરૂઆત કરીએ છીએ પણ એ વંદન મનથી, હૃદયથી, ભક્તિથી થયેલા હોવા જોઈએ.

ઈશ્વરીય અવતારોએ પણ એમના આચરણ દ્વારા સદ્ગુરુનો મહિમા વધાર્યો છે. સદ્ગુરુ તમારી કડક પરીક્ષા કર્યા પછી તમને સાચા સોના જેવા બનાવે છે. તેથી જ આપણે ગુરુનો મહિમા કરવા આ શ્લોક દ્વારા વિરમીએ,

ગુર્રુ, બ્રહ્મા, ગુર્રુ વિષ્ણુ, ગુર્રુ, દેવો મહેશ્વરા ।

ગુર્રુ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમ: ।।

ગુરુપૂર્ણિમાના પાવન અવસરે આપ સર્વે સત્ય અને લોકસેવાના માર્ગે ચાલો તથા સમાન અને દેશ પ્રત્યેની જવાબદારી તરફ જાગૃત થઈ સદ્માર્ગે ચાલો તેવી કામના.

-બીના અશ્વિન જોશી

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENT - FIRST YEAR


Bhatt Harsha P.


Bhatt Rajesh N.


Galani Pritiben B.


Jagada Dristi S.


Joshi Hemant H.


Makwana Arvindbhai S.


Maniar Dharmistha D.


Mehta Bhupendra R.


Misthari Pinarka


Munshi Pankaj D.


Munshi Parul P.


Oza Paresh S.


Panchal Rita J.


Parekh Parul R.


Parikh Manisha R.


Raval Malini A.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENT - FIRST YEAR



Shah Chandan P.



Shah Daksha D.



Shah Megha



Shah Mita D.



Shah Sonal D.



Shah Teajesh M.



Shastri Vibhuti S.



Sheth Kala A.



Soni Jyoti N.



Soni Sarika R.



Tailor Seajal P.




Tank Jayesh C.




Tank Lata J.



Thaker Dipti M.



Thakkar Mukesh B.



Vora Javlika P.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENT - FIRST YEAR



Vyas Bharti



Vyas Dipti B.

*Well Wisher*



Bhairavi Desai



Ashwin Joshi

*Well Wisher*




Harish R. Thakkar



Hitendra Shah
Vishva Jyotish Ratna



Kamlesh Gandhi



Naresh Shah

## OUR ARDENT STUDENT - SECOND YEAR



Bhadra Vasanti



Dave Zankhana



Mehta Mukesh




Mehta Jagrutiben



Soneji Dolly



Shah Vipul




Vaidya Sharvil P.



Parmar Manisha

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENT - FIRST YEAR


Bhatt Umesh K.


Bhavsar Hiren U.


Chauhan Nikita J.


Desai Kulwant Y.



Joshi Kishor V.


Joshi Manish S.


Kasadiya Hasmukh Lal R.


Khimesariya Sanjay


Makani Amita A.


Malde Harilal V.


Malde Jyoti


Mehta Nirav R.


Panchal Neeta R.


Panchal Pravin B.


Panchal Sadhana D.


Panchal Sanjay D.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENT - FIRST YEAR


Panchasara Mansukhlal N.


Parekh Apurva R.


Patel Jignesh S.


Sagar Vasant G.


Sangvi Parul


Shah Abhay B.


Shah Ketan S.


Shah Sunanda J.



Sheath Deepak


Singhavi Anuja S.


Thaker Yogen B.


Thakkar Rajesh P.

## Winner of Silver Medal for the Excellent Person in the Respetion Year


Mehta Mukesh


Shah Vipul


Dave Zankhana

Vedic Jyotish Sansthan

# વૈદિક જ્યોતિષ સંસ્થાન

રજીપત્રવ્યહવારનું સરનામું :-

ક્રિષ્ણા કલેક્શન, ૧૭૫ / ૪૩ ડી સેક્ટર ૧, ચારકોપ, કાંદીવલી વેસ્ટ, મુંબઇ ૪૦૦૦૬૭.

મોબાઈલ : ૯૩૨૨૨૬૧૭૦૯ / ૯૬૧૯૫૦૬૮૯૬ ● ઈ મેલ : vjtvv1@gmail.com

## જ્યોતિષના નિ:શુલ્ક વર્ગો

ગુજરાતી માધ્યમમાં હસ્તરેખા , જ્યોતિષ , વાસ્તુ અને સ્વરજ્ઞાનના વર્ગોમાં પ્રવેશ
જાન્યુઆરી થી બોરિવલી અને મલાડ ખાતે.

૧. પ્રથમ વર્ષ વૈદિક જ્યોતિષ પ્રવેશ.

૧. પ્રથમ વર્ષ વૈદિક હસ્તરેખા વિજ્ઞાતા.

૨. દ્વિતિય વર્ષ વૈદિક જ્યોતિર્ભૂષણ.

૩. તૃતિય વર્ષ વૈદિક જ્યોતિષમાર્તંડ.

૧. પ્રથમ વર્ષ વૈદિક વાસ્તુપ્રવેશ

૨. દ્વિતીય વર્ષ વૈદિક વાસ્તુભૂષણ

૧. વૈદિક સ્વરજ્ઞાતા

૪. ચતુર્થ વર્ષ સ્વાધ્યાય.

**નોંધ :**

ભાષાનું જ્ઞાન ધરાવતા કોઇ પણ ઉમરના
ભાઇ ઓ તથા બહેનો પ્રવેશ મેળવી શકે છે.

શાસ્ત્રમાં જ્ઞાન દાન ને શ્રેષ્ઠ દાન કહેવાયું છે જે આ સંસ્થા નું ધ્યેય છે.

આગ સોનાની કસોટી કરે છે. દ:ખ માનવીની.

## શનિગ્રહને ઓળખીએ

સામાન્ય રીતે આપણે શનિગ્રહને પાપ ગ્રહ તરીકે ઓળખયે છીએ, પરંતું તેમના વિપેશ ગુણોથી અજાણ છીએ.આપણા પ્રાચીન ગ્રંથો અનુસાર એમને દંડ નાયક કહ્યા છે, જ્યોતિષશાસ્ત્રમાં તેમને આયુષ્યનો કારક કિધો છે. શનિદેવની કુંડલીગત સ્થીતી જોઈ ને જ આયુષ્યનો નિર્ણય કરાય છે, માટે લોકો શનિદેવ તરીકે ઓળખે છે, બધા ગ્રહોમા એક માત્ર શનિગ્રહજ ગહન વિચાર શક્તિ, આત્મશક્તિ, ચિંતનશક્તિ, એકાગ્રતા, ધૈર્યશક્તિ તથા એકાંત પ્રિયતા આપવાવાળો કહેવાય છે.

## શનિ દેવનો પારિવારિક પરિચય

શનિદેવ સૂર્યનારાયણના પુત્ર છે, માતા છાયાદેવી, પત્ની રેહાદેવી, બે પુત્રો જે માંદિ તથા ગુલિક નામ થી ઓળખાયછે, ભાઇ યમદેવ, બહેન યમુનાજી છે, ગૌત્ર કાશ્યપ, દેવતા બ્રહ્માજી તથા રુદ્ર એટલે નીલવર્ણ શિવ છે, એમની વિદ્યા યવન વિદ્યા છે, વયોવર્ષ ૧૦૦૦ કિધા છે.

## શનિદેવના વિવિધ નામો

છાયાત્મજ્, છાયાસૂત, અર્કજ, અસિત, સૌરી, કોણ, કૃપાંગ, નીલ, ક્રુર, કપિલાક્ષ, દીર્ઘ, પંગુ, મંદ, શૂદ્ર, ઈત્યાદિ તથા પાશ્ચાત્ય નામ સેટર્ન છે.

## શનિગ્રહ ની ભૌગોલિક પરિસ્થિતિ

શનિ સૌર પરિવારના મુખ્ય સૂર્યથી ૮૮,૬૯,૦૦,૦૦૦ માઈલ દુરી થી પોતાના પથ એટલે ભ્રમણ માર્ગ પર ગતિ કરે છે, એનો વ્યાસ અંદાજે ૭૨,૦૦૦ થી ૭૫,૦૦૦ માઈલ માનવામાં આવે છે, એનું ઘનત્વ ૦,૬૨ જેટલુ મનાય છે, શનિગ્રહને નરી આંખે પણ જોઈ શકાય છે,તે સંપૂર્ણ વાયુનો બનેલો પિંડ છે, ખગોળ-વિદોના મતે આ સંપૂર્ણ વાયુનો બનેલો પિંડ છે,જે હાઈડ્રોજન, એમોનિયા તથા મિથેન ના સંયોજન નો મનાય છે, ત્યાના વાતાવરણમાં સીસા (લેડ) ની વરાળ જેવું વર્તાય છે જે ધૂમાળીયું અને ધૂંધળુ લાગતુ હોય છે, જેને વિષમય કહેવાય છે, અહિં પૃષ્ઠભાગ નું તાપમાન - ૧૩૦ ડીગ્રી સેન્ટીગ્રેડ માનવામાં આવે છે, શનિને ૨૧ ચંદ્રો છે, તેમા સૌથી મોટો ટાઈટન ના નામે પ્રસિધ્ધ છે તેનું કદ બુધગ્રહ કરતા મોટું કહેવાય છે, શનિ ફરતે વલયો છે તે બધાજ ગ્રહો કરતા શનિની સુંદરતામાં ખુબજ વધારો કરે છે,

## શનિનો માનવ પર પ્રભાવ

પ્રકૃતિ :- વાયુ, તમોવૃત્તિ, નસ (રગ), સ્નાયુ, શરીરના દરેક સાંધા, કૃષ, દુર્બલ, દીર્ઘ અવયવો, માંજરિ આંખો, વિકૃત જડબા, લાંબા ભુખરા કેષ, કૃષ્ણ શરીર, નીચી ભ્રમર, વૃધ્ધ જેવો ભાષે.

દંદો :- સંધિવાત, પક્ષઘાત, શુષ્કતા, કમજોરી, અકાળ વૃદ્ધત્વ, મંદ બુધ્ધિ, કંપવાત, નપુંસકતા, લાંબી ચાલતી માંદગી.

સ્વભાવ :-નિજાનંદી, એકાંત પ્રિય, ઉધમિ, સેવક, ધૈર્યવાન, અનુંભવી, વયસ્ક, નકારાત્મકતા,નિંદક, વ્યગંકાર,કંજુસ,ઉદાસીન, આળસુ, નિરાસાવાદી, નિર્દયી, અસભ્ય, ચુગલખોર.

વ્યવસાય : ખનિજ, ખાણ, લોહ, અન્ય કાચી ધાતુ, યંત્રસામગ્રી, તેલ, તેલીબિયા, ખેડુત, મજુર, રબર, ચામડુ, લઘુઉધોગ.

જ્યોતિષ શાસ્ત્રમાં મકર તથા કુંભ રાશિનો માલિક છે, કુંભ રાશિ મૂલ ત્રકોિણ છે, તુલા રાશિમાં ઉચ્ચનો બને તથા મેષ રાશિમાં નીચસ્થ બને છે, શનિ દ્વારા ભાગ્યોદય ૩૬ વર્ષે , તેના બુધ, શુક્ર તથા રાહુ મિત્રો છે ગુરૂ સમ છે સૂર્ય, ચંદ્ર અને મંગળ શત્રુ છે, કુંડળીમાં ૬, ૮, ૧૨ તથા ૧૦ ભાવનું કારકત્વ શનિ પાસે છે, પુષ્ય, અનુરાધા તથા ઉત્તરા ભાદ્રપદ્ નક્ષત્રોનો માલિક બને છે, વિશોંતરી મહાદશાકાળ ૧૯ વર્ષનો હોય છે, તેની પૂર્ણ દ્રષ્ટિ ૩, ૭ અને ૧૦ મેં થાય છે, ઋતુ શિશીર છે, દિશા પશ્ચિમ છે, ધાતુ લોહ, શિસુ, કલઈ છે, રાશિ ચક્નું ભ્રમણ પુરૂ કરતા ૩૦ વર્ષ લાગે છે માટે એને મંદ કિધો છે.

## શનિ સાડાસાતીની સમજ

સાડાસાતી નો સંબધ શનિ તથા ચંદ્ર દ્વારા નક્કિ કરવામા આવે છે, અહિ ચંદ્ર મન, વિચાર, ઈચ્છાઓનો કારક કહેવાતો હોવાને કારણે તથા શનિ કર્મ તથા કર્મ ફળ પર શનિ ગ્રહ નો અધિકાર હોવાને કારણે આ બાબતનું ફળ ક્ષેત્ર શનિમહારાજ ના હાથમાં હોવાને કારણે જાતકની જન્મ કુંડલી માં ચંદ્ર જ્યા બેઠોછે ત્યાથી ગોચર શનિના ભ્રમણ પર અવલંબેં છે , જન્મના ચંદ્રથી બારમે પહેલો તબક્કો પહેલે એટલે ચંદ્ર પરથી બીજો તબક્કો તથા ચંદ્રથી બીજે ત્રીજો તબક્કો ,(સુક્ષ્મ રુપથી જન્મના ચંદ્રથી શનિ આગળ કે પાછળ ૪૫ અંશનો થાયછે તેને સાડાસાતી કહેવાયછે, આમ અઢી અઢી ના ત્રણ તબક્કા એટલે સાડાસાતીના સાડાસાત વર્ષ.

લોકો સાડાસાતીથી·ખોટા ગભરાતા હોય છે. ખરેખરતો આ જાતકની શુધ્ધિકરણ માટેની પ્રક્રિયાછે, જેમ સુવર્ણને જેટલું વધારે તપાવવામા આવે એટલું વધારે શુધ્ધિ પામેછે, જાતકે જીવનમાં કરેલી ભુલો, કોઇનું અપમાનકર્યું હોય, જાણે અજાણે થયેલા પાપો, કોઇ જોડે રાગ-દ્વેષ રાખ્યો હોય, કોઇનો હકમાર્યો હોય આ બધુજ નજર સામે આવેછે, એટલે અનુભુતિ થાય છે, જાતકને પશ્ચ્યાતાપ ની અગ્નિમાં તપાવી શનિદેવ દંડનાયક બની ન્યોચિત શુધ્ધિકરણ કરેછે, મનુષ્ય જીવનમાં ત્રણ વખત સિમાચિન્હ ની જેમ શનિમહારાજ આ રીતે સાવધાન કરવા આવેછે.

## શનિ પનોતીના પાયાની સમજ

**સોનાનો પાયો :** સાડાસાતી ચાલુ થતી હોય ત્યારે જન્મના ચંદ્રથી ગોચરનો ચંદ્ર ૧,૬, અથવા ૧૧ મેં હોય તોસોનાને પાયે કહેવાય છેં, જે ચિંતા કારક ફળ આપે છે.

**ચાંદીનો પાયો :** સાડાસાતી ચાલુ થતી હોય ત્યારે જન્મના ચંદ્રથી ગોચરનો ચંદ્ર ૨,૫,અથવા ૯ મે હોયતો ચાંદીનો પાયો કહેવાય છે , જે ધન તથા લાભ દાયી હોય છે.

**તાંબાનો પાયો :** સાડાસાતી ચાલુ થતી હોય ત્યારે જન્મના ચંદ્રથી ગોચરનો ચંદ્ર ૩, ૭ , અથવા ૧૦ મે તાંબાના પાયો કહેવાય છે, દરેક શુભ કાર્યો તથા સ્વાથ્થ્ય ને માટે શુભફલ દાયક હૈ.

**લોખંડનો પાયો :** સાડાસાતી ચાલુ થતી હોય ત્યારે જન્મના ચંદ્રથી ગોચરનો ચંદ્ર ૩, ૭, ૧૦ મે પર હો તો જાતક ૪, ૮, ૧૨ મે હોય તો કઠોર પરિશ્રમ પછી અલ્પ માત્રામાં ફળ આપેછે.

## નાની પનોતી ની સમજ

જન્મના ચંદ્રથી શનિનું ૪થે કે ૮મેં થી ભ્રમણ નાની પનોતી જે અઢી વર્ષ ની હોય છે.

### -: કષ્ટ નિવારણ તથા ઉપાય :-

નીલુ અથવા કાળુ વસ્ત્ર, કાળા અડદ, કાળા તલ, કાળી સરસોં, કાળી કાંબળી, લોખંડનો કટોરો, તેલ, શનિવારની રાત્રી એ અથવા અમાસની રાત્રે નિર્ધન, વૃધ્ધ અથવા કોઈ શૂદ્રને આ સામગ્રી દાન કરવી તથા શક્ય હોયતો ભોજન પણ કરાવવું, પિપળે તલ મીશ્રીત જળ ચડાવવું, કાગડાને ગાઠીંયા ખવડાવવા, કાળા ચતુષ્પાદ્ પ્રાણીઓને ચારો ખવડાવવો, વડીલોનું સંન્માન જાળવવું, અસાન ગૃહ, વૃધ્ધાશ્રમ, તથા અનાથાશ્રમ જેવી સારી પ્રવૃત્તઓને યથા શક્તિ દાન કરવું, કોઈ દૈવજ્ઞની સલાહ લઈ શનિનું રત્ન ધારણ કરવું, શનિના મત્રં જાપ તેમજ સ્તોત્ર નું પઠન કરતા રહેવું , વ્યસનો તથા કુંસંગથી દુર રહેવું.

### -: મંત્રો :-

૧) ૐ શં શનૈ રાય નમઃ

૨) નીલાંજનાં સમાભાસં રવિ પુત્રં યમચજમ્
છાયા માર્તંડ સભૂતં તં નમામિ શનૈશ્ચરમ્

**જપ સંખ્યા ૯૨,૦૦૦ આઠ શનિવાર માં પુરા કરી શકાય.**

પ્રસ્તુત કર્તા :
**શ્રી અશોક ચૌહાણ.**



# (ॐ) મંગલા ચરણ (ॐ)

## (ॐ) શ્રવણના આરંભનું મગલાચરણ (ॐ)

ॐ सत्यं ज्ञानमनंतं यन्निष्कलं निष्क्रियं परम् ।
अद्वितीयं निर्विशेषं ब्रह्म तत्समुपास्महे ।।१।।

જે સ્તયરૂપ, જ્ઞાનરૂપ, અનંત, પ્રાણાદિ લ્કલાઓથી રહિત, ક્રિયાથી રહિત, માયાથી રહિત,સૂક્ષ્મ ને વ્યાપક , દ્વૈતથી રહિત, અને નામાદિ વિશેષથી રહિત બ્રહ્મ છે તેનું અમે સારી રીતે ધ્યાન કરીએ છીએ. (૧)

शंकरं शंकराचार्य केशवं बादरायणम् ।
सूत्रभाष्य कृतौ वन्दे बगवन्तौ पुनः पुनः ।।२।।

વિષ્ણુરૂપ ભગવાન વ્યાસ અને મહેશ્વરરૂપ શ્રી શંકરાચાર્ય જેઓ બ્રહ્મસૂત્રના ને શારીરિક ભાષ્યના કર્તા છે તે બંને ઐશ્વર્યાદિવાળાઓને હું વારંવાર નમું છું. (૨)

अज्ञान तिमिरांधस्य ज्ञानांजनशलाक्या ।
चक्षुरुमीलितं येन तस्मै श्रीगुरवे नमः ।।३।।

અજ્ઞાનરૂપ અંધારાવડે આંધળા થયેલાની અંત :કરણરૂપ આંખો જેમણે જ્ઞાનરૂપ આંજણની સળીવડે ઊઘાડી તે શ્રીગુરુને મારા પ્રણામ હો . (૩)

ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्ति,
द्वंद्वातितं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यम् ।
ऐकं नित्यं विमलचलं सर्वधीसाक्षीभूतं.,
भावातीतं त्रिगुणरहितं सद्गुरुंतं नमामि ।।४।।

જે બ્રહ્મરૂપ આનંદવાળા,શિષ્યોને પરમ સુખ આપનારા, અવિધાથી રહિત, જ્ઞાનરૂપ,સર્વદ્વંદ્વોથી પર, આકાશના જેવા નિર્લેપ, તે તું છે. ઇત્યાદિ મહાવાક્યોના લક્ષ્યાર્થરૂપ, એક ત્રને કાલમાં રહેનારા, સર્વપ્રકારના મેલથી રહિત, ચલાયમાનપણાથી રહિત, સર્વ પ્રાણીઓની બદ્ધિના સાક્ષિરૂપ, છ પ્રકારના ભાવવિકારોથી પર ને ત્રણ ગુણોથી રહિત છેતે સદ્‌ગુરુને નમું છું. (૪)

સૌજન્ય આનંદાશ્રમ મુમુક્ષુ મંડલ ટ્રસ્ટ

# સમાપ્તિ મંગલા ચરણ

## ।। શ્રવણની સમાપ્તિનું મંગલાચરણ ।।

नमस्ते सते ते जगत्कारणाय, नमस्ते चिते सर्वलोकाश्रयाय ।
नमोऽद्वैततत्वाय मुक्तिप्रदाय, नमो ब्रह्मणे व्यापिने शाश्वताय ।।१।।

સત્યરૂપ આપને પ્રણામ, જગત્‌ના કારણરૂપ આપને પ્રણામ, જ્ઞાનસ્વરૂપ અને સર્વ લોકના આશ્રયરૂપ એવા આપને પ્રણામ , અદ્વૈતતત્વરૂપ ને મોક્ષ આપનારાને પ્રણામ, વ્યાપક અને શાશ્વત બ્રહ્મનેપ્રણામ. (૧)

त्वमेकं शरण्यं त्वमेकं वरेण्यं, त्वमेकं जगत्पालकं स्वप्रकाशम् ।
त्वमेकंजगत्कर्तृपातृप्रहर्तृ, त्वमेकं परं निश्चलं निर्विकल्पम् ।।२।।

એક આપ શરણગ્રહણ કરવા યોગ્ય છો,એક આપ શ્રેષ્ઠ છો, એક આપ સંસારના પાલનારા ને સ્વયંપ્રકાસ છો, એક આપ માયાથી પર, અચલ ને સર્વવિકલ્પોથી રહિત છો. (૨)

भयानां भयं भीषणं भीषणानाम् , गतिः प्राणानां पावनं पावनानाम् ।
णहोच्चैः पदानां नियन्तृ त्वमेकं, परेषां परं रक्षणं रक्षणानाम् ।।३।।

ભય ઉપજાવનારાઓના ભયરૂપ, ભયંકરોના બયકરરૂપ,સર્વ પ્રાણીઓની ગતિરૂપ,પવિત્ર કરનારાઓને પવિત્ર કરનાર, એક આપ ઘણા ઉચ્ચ પદોમાં રહેલાઓને નિયમમાં રાખનારા, આકાશાદિ પર રહેલાથી પર રહેલા, ને રક્ષણ કરનારાઓનું રક્ષણ કરનારા છો. (૩)

श्रुतिस्मृतिपुराणानामालयं करुणालयम् । नमामि भगवत्पादं शंकरं लोकशंकरम् ।।४।।

શ્રુતિ સ્મૃતિ ને પુરાણોના રૂપ ને દયાના પણ ઘરરૂપ તથા લોકોનું કલ્યાણ કરનારા ને જેમના ચરનમાં ઐશ્વર્યાદિ રહ્યા છે એવા શ્રી શંકરાચાર્યને હું નમું છું. (૪)

સૌજન્ય આનંદાશ્રમ મુમુક્ષુ મંડલ ટ્રસ્ટ

## -: ફળાદેશમાં વક્રી ગ્રહોનું મહત્વ :-

પૃથ્વી તથા ગ્રહોની સાપેક્ષ ગતિમાં ફેરફાર થાય ત્યારે ગ્રહ વક્રી કે સ્થંભી જણાયછે. આવા સમયે આ ગ્રહો પૃથ્વીની નજીક આવી જતા હોવાથી અને સૂર્યથી દૂર હોવાના લીધે, તે ગ્રહનો કોસ્મિક ફોર્સ કે ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વીના વાતાવરણ પર ટકરાતાં તેની ખૂબ અસર થાય છે. તે વ્યવહારિક કે નૈસર્ગિક રહેતો નથી. સાત્વિક તત્વનો અભાવ થાય, તામસિક તત્વ વધે છે.

પંચાંગમાં, વકિ ગ્રહો રાશિ-અંશ-કળાથી ઘટતા બતાવાય છે. સૂર્યથી જ્યારે ગ્રહો ૬,૭,૮મે આવે ત્યારે વકિ સમજવું. બુધ તથા શુક્ર, સૂર્યની હંમેશા નજીક જ રહેતા હોવાથી, સૂર્ય ૨જે કે ૧૨મે આવતાં વકિ બનતા હોય છે. સૂર્ય-ચંદ્ર હંમેશા માર્ગી જ રહે છે. રાહુ-કેતુ હંમેશા વક્રી ચાલ જ ચાલતા હોય છે.

## -: ગોચરમાં ગ્રહ વક્રી રહેવાનો સમય :-

૧. મંગળ દર વર્ષે લગભગ ૮૦ દિવસ
૨. બુધ વરસમાં ૩ થી ૪ વખત
૩. ગુરુ વરસમાં લગભગ ૩ થી ૪ મહિના
૪. શુક્ર દર વર્ષે વક્રી થાય, અને ૪૫ દિવસ વક્રી રહે.
૫. શનિ ૨॥ (અઢી વર્ષ)માં ૨ વખત વક્રી થાય. ૧૪૦ દિ. વક્રી રહે.
૬. હર્ષલ-નેપચ્યુન-પ્લુટો વરસમાં ૧ વાર વક્રી થાય છે.
વક્રી ગ્રહોની અંતરદશા ફળમાં ઉતાર-ચઢાવ આવે છે. માટે સંભાળવુ જરૂરી છે.

જન્મનો વક્રી ગ્રહ, ગોચરમાં પણ જ્યારે જ્યારે વક્રી બને ત્યારે ફળ મળતું જોવા મળે છે. જન્મ સમયે જે ગ્રહ વક્રી હોય, તે જન્મ પહેલાં કયા દિવસથી વક્રી છે તે જુઓ. જન્મ થયો ત્યારે વક્રી થયાને કેટલા દિવસ થયા તેની ગણતરી કરો. આ દિવસો બરાબરના વર્ષ પછી, આ વક્રી ગ્રહ જાતકને ફળ આપતો જણાય છે.

ગોચરનો અશુભ વક્રી ગ્રહ, જન્મના અશુભ વક્રી ગ્રહ પરથી પસાર થતાં બળ સારું, પણ ફળ અશુભ જ રહે છે. તે જ પ્રમાણે ગોચર વક્રી-શુભ ગ્રહ, જન્મના શુભ વક્રી ગ્રહ પરથી પસાર થતાં શુભ બળવાન ફળ અનુભવાય છે. જ્યારે જ્યારે ગ્રહ ગોચરમાં સ્થંભી-વક્રી-સ્થંભી-માર્ગી થાય ત્યારે સારો બદલાવ અને પ્રગતિ આપે છે.

ગોચરમાં બુધ વક્રી થતાં કોઈપણ કરાર પર સહી ન કરવી. વાતચીતમાં ધ્યાન રાખવું, નહિ તો ફરીથી વાટાઘાટ કરવી પડે છે.
શુક્ર વક્રી હોતાં - પ્રેમ વધે છે. જીવનની કિંમત સમજાય છે.
મંગળ વક્રી હોતાં - અહમ્ વધે છે. દલીલબાજી-અકસ્માત વગેરે ફળ મળે.

ગુરુ વક્રી હોતાં – આધ્યાત્મીક–ફીલોસોફિક બનાવે છે. લોકોનાં મન સાંકડા થાય છે. ગુરુ જનોથી દુર રાખવી.
શનિ વક્રી હોતાં – ધંધા–વ્યવસાયમાં તકલીફ આવે. જવાબદારી ન લેવી.
હર્ષલ વક્રી હોતાં – સ્વતંત્રતા–આઝાદી માટે મન મજબૂત થાય છે.
નેપચ્યુન વક્રી હોતાં – સમજદારી વધે છે. ખરાબ લોકોથી દુર રહેવું
પ્લુટો વક્રી હોતાં – અસુખ અનુભવાય. નવી રીતભાત અપનાવવી.

ગોચરમાં પાપગ્રહો એકી સાથે વક્રી હોય, સમાજમાં ખૂના–મરકી વધે છે.
ગોચરનો વક્રી શનિ, સત્તા આપે, શાસન આપે, શેરબજારમાં તેજી આપે, લોકચાહના વધારે અને જાતક યોગી બને છે.

## –: કુંડળીમાં અલગ – અલગ ગ્રહો વક્રી હોતાં ફળ જોઈએ :–

મંગળ વક્રી હોતાં, ઘણી તકલીફ રહે. બધા કામો ઉલ્ટા થાય. જાતક ધમકી આપે, ખાનગી વાત ન કરે, વિચિત્ર ગુસ્સો... ખબર જ ન પડે ગુસ્સો શા માટે અને કેવી રીતે આવ્યો ? હાથમાં લીધેલા પ્રોજેક્ટ ધીમા પડી જાય, ઘરની વ્યકિત જોડેનો લગાવ ઘટે. તેની દશામાં અગ્નિ, શત્રુનો ભય રહે. ત્રાસ પામે અને એકલાને જ રહેવું ગમે છે. મંગળ અહીં શુભ હોય તો કામ કરવાની તીવ્ર ઇચ્છા અને મુકાબલો કરવાની તાકાત મળી રહે છે. વક્રી મંગળ પોતાથી ૩જા ભાવનું ફળ દર્શાવતો હોય છે. ત્રીજે વક્રી મંગળ હોય તો નાના ભાઈ ન હોય. વક્રી મંગળ સાથે શનિ હોય તેનામાં કામ કરવાની આવડત સારી હોય.

બુધ વક્રી હોતા – જાતક પોતાની બુધ્ધિ કરતાં દ્દ્રષ્ટિ ઇન્દ્રિય પર વધુ વિશ્વાસ રાખે. ધંધામાં સફળતા મળે. પોતાની વાત બીજાને સમજાવવાની આ લોકોને તકલીફ હોય છે. વક્રી બુધ પોતાંનાથી ૪થા ભાવનો પ્રભાવ બતાવે છે. તેની દશામાં જાતક ધાર્મિક બને, અને પરિવાર સુખ પ્રાપ્ત કરે છે. પરંતુ ૫મે વક્રી બુધ હોતાં બુધ્ધિ ઓછી હોય એમ જણાયું છે.વક્રી બુધવાળા અંતર્મુખ થઈ જાય છે. અને અગમ–નિગમ તરફ વળે છે. ગોચરમાં બુધ વક્રી થતાં બજારમાં ગભરાટ પેદા થાય છે. કરાર પર સહી ન કરવી. વાતચીતમાં ધ્યાન રાખવું. ખરી રીતે જોતાં બુધ વક્રી (કે સ્થંભી) હોતાં તે Chance (તક) આપે છે. વેપાર કરવા માટે તે અભ્યાસમાં વધુ ધ્યાન આપવા કહે છે.

ગુરુ વક્રી હોતા – જાતક ધર્મ, અધ્યાત્મ, નીતિ વગેરે બાબતમાં તકલીફ અનુભવે. તેઓ અકળ હોય છે. જે કામ બધા છોડે તે આ વ્યક્તિ કરી શકે. રસ્તો કાઢતાં આવડે. પોતાને મરજીનો માલિક સમજે. સ્વતંત્ર પુરુષાર્થ માં માને. વક્રી ગુરુ તેની દશામાં શત્રુ વિજય અને પારિવારિક સુખ સમૃધ્ધિ આપે છે. વક્રી ગુરુ જ્યાં બેઠા હોય ત્યાંથી પાંચમાં ભાવનું ફળ દર્શાવે. વક્રી ગુરુવાળા ખોટ કરતી કંપનીને હાથમાં લઈ ઉંચે લાવી શકે છે. ગુરુ મોટા મગજ પર અમલ ધરાવે છે. ગુરુ પ્રેમ–લાગણી આપનાર છે. તે વક્રી બનતાં અવ્યવહારૂ બનાવે.
વક્રી ગુરુ માર્ગી બને કે વક્રી બને... દેશ મોસમ પર પ્રભાવ નાંખે જ છે.

શુક્ર વક્રી હોતા – લાગણી ખૂબજ ઉંડાઈથી સમજી શકતા હોવા છતાં (Express)જતાવી શકતા નથી. અને આથી સંબંધ બાંધવામાં કે જાળવવામાં તકલીફ અનુભવે. આમનું લગ્નજીવન આથી સારું હોતુ નથી.મંત્ર-તંત્રમાં રસ હોય છે. વક્રી શુક્ર પોતાથી ૭માં ભાવનો પ્રભાવ બતાવે છે. માન-સન્માન, સુવિધા મળતી જોવા મળે.

શનિ વક્રી હોતા – ગુપ્ત વિદ્યા તરફનું વલણ વધે. પણ તેમને ઉપરી અધિકારી સાથે ફાવટ રહેતી નથી. જવાબદારી લેતા નથી. તે જ્યાં બેઠો હોય ત્યાંથી ૯માં ભાવનો પ્રભાવ બતાવે છે તે અપવ્યય અને માનસિક તણાવ આપે છે. માનસિક તણાવના લીધે એકાંતપ્રિય બને છે.

હર્ષલ વક્રી હોતા – પ્રેરણાં સારી થતી હોય છે. અશરીર આત્મા સાથે સંબંધ થાય છે. પરિવર્તનવાદી જીવનશૈલી હોવાથી આવા જાતકો ઝઘડી પડતા હોય છે.

નેપચ્યુન વક્રી હોતા – સ્વપ્ન સાથે જોડાય જતા હોય છે માટે પોતે જોયેલું સ્વપ્ન હંમેશા ચેક કરતા રહેવું જોઈએ. આ જાતકો વાસ્તવિકતાથી દૂર ભાગતા હોવાથી, સર્જનાત્મક બની જતા હોય છે.

પ્લુટો વક્રી હોતા – જાતકમાં રહેલા અવાસ્તવિક સત્વને તોડે છે. દા.ત. અહમ્. આ લોકો બીજાનો ભરોસો કરતા નથી. પણ રાજનિતીમાં આ પ્લુટો ફળ આપી જતો જોવા મળે છે.

સંકલિત – ગુરુજનોના પ્રવચનમાંથી

સદ્ગુરુને સમર્પિત

**કુંદનબેન દેસાઈ**



થોડાક શબ્દો ઉચ્ચારવાથી અગ્નિની સાક્ષીએ લગ્ન થાય છે.... અને
થોડાક શબ્દો ઉચ્ચારવાથી ઘરમાં અગ્નિનો સાક્ષાત્કાર થાય છે. !!

ધુળ જેવી છે જીંદગી આપણી....આંસુડા રેડી એમાં કિચ્ચડ ના કર !!!

કાયદાનું શિક્ષણ મેં એટલી સારી રીતે હાંસલ કર્યું કે કાયદાનો અભ્યાસ પુરો થાય પછી મેં મારી કોલેજ પર દાવો માંડયો અને મારી સઘળી ટયુશન ફી પાછી મેળવી.

બરફ જેવી છે આ જીંદગી... જેનો ભુતકાળ પણ પાણી અને ભવિષ્યકાળ પણ પાણી....

પ્રશ્નો તો રહેવાના જ... સુખી લોકોને પ્રશ્ન થાય કે
શું કરીએ તો ભૂખ લાગે... અને દુ:ખી લોકોનો પ્રશ્ન છે કે
ભૂખ તો લાગે છે, પણ શું કરીએ ?

ઇશ્વરનું બેલન્સ કેવું અદભુત છે...
પાંચ મણ ઘઉંની બોરી ઉપાડી શકે તે મજુર એકી સાથે ખરીદી ના શકે...
અને જે ખરીદી શકે છે તે શેઠ તેને ઉપાડી ના શકે....

કેટલાક લોકોનું દિલ દરિયા જેવું વિશાળ હોય છે...
જેમાં એક ચકલું ય પોતાની તરસ ના છીપવી શકે !!!



સાચવવા પડે એ સંબંધો કદી સાચા નથી હોતા,
અને જો સંબંધો સાચા હોય તો તેને સાચવવા નથી પડતા...

વ્યવહાર નથી બદલાતા સંજોગો બદલાય છે,
માણસ નથી બદલાતા ખાલી તેમનો અભિગમ બદલાય છે......



# -: જન્મપત્રિકાથી ફળકથનના મુખ્ય સિધ્ધાંત :-

જ્યોતિષમાં ત્રણ મુખ્ય સંહિતાઓ દ્વારા ફળકથન કરવામાં આવે છે.
આ ત્રણ વિભાગ છે (૧) ગણિત (૨) હોરા (૩) સામુદ્રિક

હોરા દ્વારા ફળકથનના મુખ્ય સિધ્ધાંતો બતાવવામાં આવ્યા છે. જેમાં કેટલાક મુખ્ય ગ્રંથો જાતક પારિજાત, બૃહત્ પારશાર હોરાશાસ્ત્ર, સારવલી વગેરે છે. જેના દ્વારા કેટલાક સિધ્ધાંતો તારવીને ફળાદેશ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. જેમાંના કેટલાક સિધ્ધાંતો નીચે મુજબ છે.

શુભાશુભ ભાવેશ સિધ્ધાંત :- નૈસર્ગિક રીતે ગુરુ, શુક્ર, પૂર્ણ ચંદ્રમાં, પાપયુક્ત ન હોય તેવો બુધ શુભ ગ્રહ છે. તથા સૂર્ય,મંગળ,શનિ ક્ષીણ ચંદ્રમાં અને પાપ ગ્રહોથી યુક્ત બુધ પાપી ગ્રહ માનવામાં આવ્યા છે. પરંતુ ફળ કાઢતી વખતે ગ્રહોનું નૈસર્ગિક શુભત્વ અથવા અશુભત્વ જ પ્રમુખ નથી, મુખ્ય વાત એ છે કે કું.માં ગ્રહ શુભ ભાવેશ છે કે અશુભ ભાવેશ છે ? જે ગ્રહોની રાશિ શુભ ભાવામાં આવેલી હોય, તે ગ્રહ શુભ ભાવના સ્વામી હોવાના કારણે શુભ જ માનવામાં આવે છે. તેથી વિપરીત અશુભ ભાવેશ પાપી થઇ અશુભ ફળ આપે છે.

૧. લગ્ન સ્થાન કેન્દ્ર પણ છે અને ત્રિકોણ પણ છે. ફળ કાઢતી વખતે લગ્નને ત્રિકોણ જ માનવું જોઇએ લગ્ન ભાવ શુભ હોવાથી તેનો સ્વામી ગ્રહ હંમેશા શુભ માનવામાં આવ્યો છે. લગ્નેશની બીજી રાશી અષ્ટમ સ્થાનમાં હોય તો તે અશુભ બનતો નથી. અર્થાત્ લગ્નેશને અષ્ટમેશનો દોષ લાગતો નથી.

૨. અષ્ટમ ભાવ પરમ અશુભ હોય છે. અષ્ટમેશ ગ્રહ અશુભ તો છે જ પરંતુ તે ભાગ્યથી વ્યય સ્થાનનો સ્વામી હોવાથી ભાગ્યને હણાવાવાળો છે. લગ્નેશ ઉપરાંત સૂર્ય, ચંદ્રને પણ અષ્ટમેશનો દોષ લાગતો નથી. અર્થાત્ કર્ક કે સિંહ રાશિ અષ્ટમ ભાવમાં આવે તો પણ તે પાપી બનતા નથી.

૩. ત્રિષડાય (૩,૬,૧૧) સ્થાનોના સ્વામી પાપી હોવાને કારણે અશુભ ફળદાયી હોય છે પછી તે નૈસર્ગિક રૂપથી શુભ હોય કે અશુભ હોય.

૪. લગ્નથી દ્વિતીય અને દ્વાદશ ભાવના સ્વામી પોતાની બીજી રાશિને અનુરૂપ ફળ પ્રદાન કરે છે. અર્થાત્ તેમની બીજી રાશિ જે ભાવમાં આવેલી હોય તે ભાવનું ફળ આપે છે. જેમકે સૂર્ય અને ચંદ્રની તો એક-એક રાશિ જ છે. તેથી તેમની બીજી રાશિ અન્ય ભાવમાં ન હોઇ શકે તેથી તે જે ગ્રહની સાથે સ્થિત હોય, તે ગ્રહ જેવું ફળ આપશે. જો એકલા બેઠા હોય તો તે ભાવને અનુરૂપ જ ફળ આપશે.

૫. જે ગ્રહોને ત્રિકોણ ભાવોનું સ્વામીત્વ પ્રાપ્ત થયું હોય તે શુભ ફળ આપે છે. નૈસર્ગિક પાપી ગ્રહ પણ ત્રિકોણનો સ્વામી થતાં જ સ્વત: શુભ થઇ જાય છે.

૬. કેન્દ્રસ્થાનોનાં સ્વામી થઈ પાપી ગ્રહ શુભ થઈ જાય છે. ભાવ ઉત્તરોત્તર બળવાન થાય છે. તેથી ચતુર્થ ભાવના સ્વામીથી સપ્તમ ભાવનો સ્વામી અધિક બળવાન થાય છે તથા તેનાથી પણ અધિક બળવાન દશમ ભાવનો સ્વામી થાય છે.

૭. જો કોઈ એક ગ્રહ કેન્દ્ર અને ત્રિકોણ બંનેનો સ્વામી હોય તો તે એકલો જ યોગકારક થાય છે. આવો ગ્રહ પોતાની મહાદશામાં શુભ ફળ પ્રદાન કરે છે. કેન્દ્ર-ત્રિકોણનો સ્વામી હોવાથી શુભ ગ્રહને કેન્દ્રાધિપતીનો દોષ લાગતો નથી. આ જ કારણ છે કે મકર અને કુંભ લગ્નમાં શુક્ર યોગકારક થાય છે છતાં શુભ ફળ આપે છે. વૃષભ અને તુલા લગ્નમાં શનિ તથા કર્ક અને સિંહ લગ્નામાં મંગળ ગ્રહ યોગકારક થાય છે.

૮. જો નૈસર્ગિક શુભ ગ્રહ કેન્દ્રસ્થાનોના સ્વામી હોય તો તે કેન્દ્રાધિપત્ય દોષને કારણે શુભફળ આપવાના પોતાના સામર્થ્યને ગુમાવે છે. અને ઉદાસ થઈ જાય છે. ઉ.દા. તરીકે મિથુન અને કન્યા લગ્નમાં ગુરુ ઉદાસ રહે છે. તે ન તો શુભ ફળ આપે છે કે ન અશુભ ફળ આપે છે. અર્થાત્ તે તટસ્થ થઈ જાય છે.

૯. શુભ ગ્રહોની રાશિ કેન્દ્રમાં આવે તો તે સમ થઈ જાય છે. આવા ગ્રહની બીજી રાશિ જે ભાવમાં હોય તે ભાવની સ્થિતિ અનુસાર તે ફળ આપેછે. મકર લગ્નમાં શુક્ર પંચમેશનું ફળ અને કુંભમાં નવમેશનું ફળ આપે છે કારણ તેની એક રાશિ કેન્દ્રમાં આવે છે.

૧૦.શુક્રને કેન્દ્રાધિપતિનો દોષ અધિક લાગે છે. મેષ લગ્નમાં શુક્રની તુલા રાશી સાતમા ભાવમાં અને વૃષભ રાશિ દ્વિતીય ભાવમાં આવે છે તે જ પ્રકારે વૃશ્ચિક લગ્નમાં તુલા રાશિ દ્વાદશ ભાવમાં અને વૃષભ રાશિ સપ્તમ ભાવમાં આવે છે. અહીં શુક્ર કેન્દ્રેશ હોવાથી ઉદાસ થઈ પોતાનું શુભત્વ ખોઈ નાંખે છે અને દ્વિતીયેશ અથવા દ્વાદશેશ હોવાને કારણે મારક થઈ જશે. ગુરૂ અને શુક્રને મારકેશ હોવાથી એટલો દોષ મારક સ્થાનમાં નથી લાગતો જેટલો કે ત્યાં બેસવાથી લાગે છે. મિથુન અને કન્યા લગ્નમાં ગુરૂ, મેષ અને વૃશ્ચિક લગ્નમાં શુક્ર સૌમ્ય ગ્રહ હોવા છતાં પણ પ્રબળ મારક થાય છે અને પોતાની મહાદશામાં જાતકને મૃત્યુ અથવા મૃત્યુતુલ્ય કષ્ટ પ્રદાન કરે છે.

૧૧.શુક્રની એક રાશિ કેન્દ્રમાં અને બીજી રાશિ ત્રિષડાય અર્થાત્ ૩,૬,૧૧ માં ભાવમાં હોય તો શુક્ર પાપી થઈ જશે. અને અશુભ ફળ જ આપશે. કર્ક અને સિંહ લગ્નમાં આ નિયમ લાગુ થશે.

૧૨.જો કોઈ નૈસર્ગિક પાપગ્રહ કર્મેશ થઈ કર્મભાવમાં બેઠો હોય તો તે શુભફળ પ્રદાન કરશે. જો ત્યાં તે ગ્રહની મૂળત્રિકોણ રાશી હોય તો તે રાજયોગકારક થઈ જશે.

૧૩.કેન્દ્રનો સ્વામી જો ત્રિકોણના સ્વામી સાથે યુતિ આદિ સંબંધ સ્થાપિત કરે તો તે બંને ગ્રહ યોગકારક થઈ જાય છે અને શુભ ફળ આપે છે. ભલે તે બંને પરસ્પર શત્રુ હોય. આ યોગકારક ગ્રહ અન્ય ત્રિકોણના સ્વામી અને કેન્દ્રના સ્વામીની તુલનામાં અધિક શુભ ફળદાયી હોય છે.

૧૪. જો ગ્રહ બે ભાવોનો સ્વામી હોય તો તે એ ભાવનું અધિક ફળ આપે છે જે ભાવમાં તેની મુળત્રિકોણ રાશી હોય છે.

૧૫.કર્ક લગ્નમાં ગુરૂ શુભફળપ્રદ હોતો નથી કેમકે તેની મૂળત્રિકોણ ધનુરાશી છઠ્ઠા ભાવમાં આવે છે જ્યારે મકર લગ્નમાં બુધની મૂળત્રિકોણ રાશિ કન્યા નવમ ભાવમાં આવે છે તેથી મકર લગ્નમાં બુધ યોગપ્રદ થાય છે.

૧૬.પ્રાકૃતિક રૂપથી રાહુ-કેતુને કોઈ રાશિનું સ્વામીત્વ આપવામાં આવ્યું નથી. પરંતુ ફળકથન કરતી વખતે રાહુની કન્યા અને કેતુની મીન રાશિને સ્વરાશિ માનવી જોઈએ.

-બીના અશ્વિન જોશી

-: વક્રી ગ્રહો :-

અંતરિક્ષમાં બધા ગ્રહ પોતાની અલગ – અલગ કક્ષાઓમાં ભિન્ન ભિન્ન ગતિથી ભ્રમણ કરે છે. બધા ગ્રહ સૂર્યની આકર્ષણ શક્તિને કારણે વિના અવરોધ ગતિ કરે છે. આકાશમાં આ ગ્રહોને જોવાથી ક્યારેક એવું પ્રતીત થાય છે કે કોઈ ગ્રહ બીજાથી આગળ તો કોઈ તેનાથી પાછળ છે. ક્યારેક કોઈ ગ્રહ તેની ઝડપી ગતિને કારણે અન્ય ગ્રહોને પાછળ રાખી દે છે તો ધીમી ગતિએ ચાલવાવાળો ગ્રહ પાછળની તરફ ચાલતો હોય તેવું પ્રતીત થાય છે. તેને જ જ્યોતિષની ભાષામાં વક્રી ગ્રહ કહેવાય છે. આચાર્ય પરાશરે ગ્રહોની આઠ પ્રકારની ગતિઓ બતાવી છે. વક્રી, અનુવક્રી, વિકલા, મન્દા, મન્દતરા, સમ, ચારી અને અતિચારી. આમાંથી પ્રથમ ત્રણ ગતિઓ વક્રા, અનુવક્રા અને વિકલા ગ્રહ જ્યારે વક્રી થાય ત્યારે અને મન્દા, મન્દતરા, સમ, ચારી અને અતિચારી ગતિઓ ગ્રહ જ્યારે માર્ગી હોય ત્યારે હોય છે. વક્રી ગ્રહનું બળ સર્વાધિક હોય છે. રાશિચક્રમાં જ્યારે કોઈ ગ્રહ ઉલ્ટો ચાલે તથા જે રાશિમાં વક્રી થયો હોય તે જ રાશિમાં રહે તો વક્રીગતિ, આ વક્રી ગ્રહ પોતાની પાછળની રાશિમાં આવી જાય તો અનુવક્રા અને જ્યારે ગતિશૂન્ય થઈ જાય તો વિકલ ગતિ હોય છે. વિકલ ગતિ પછી જ્યારે ગ્રહ ધીમી ગતિથી ચાલવાનું શરૂ કરે તે મન્દગતિ, ત્યારબાદ સમ ગતિએ ચાલવા લાગે છે જ્યારે સમ ગતિથી ચાલ્યા પછી ગ્રહની ગતિ ઓછી થાય તો મન્દતરા ગતિ કહેવાય છે. ચર ગતિમાં મધ્યમ ગ્રહથી ગ્રહ સ્પષ્ટ આગળ અને અતિચારીમાં ગ્રહ પહેલાથી જ આગળની રાશિમાં પ્રવેશી જાય છે. સૂર્ય અને ચંદ્ર ક્યારેય પણ વક્રી થતા નથી અને રાહુ-કેતુ હંમેશા વક્રી જ રહે છે. મંગળ લગભગ ૭૩ થી ૮૧ દિવસ સુધી વક્રી થતા પહેલાં બે-ત્રણ દિવસ અને વક્રી થયા પછી માર્ગી થતા પહેલા બે-ત્રણ દિવસ સ્થિર એટલે કે સ્તંભી થાય છે. મંગળ ઉદિત થયા પછી ૩૦૦ દિવસ બાદ વક્રી થઈ જાય છે.બુધ ૨૧ થી ૨૪ દિવસ સુધી વક્રી રહે છે. તથા વક્રી થતાં પહેલા એક દિવસ અને વક્રી થયા પછી માર્ગી થતા પહેલા એક દિવસ સ્થિર રહે છે. તે વર્ષમાં ત્રણ વખત વક્રી થાય છે. જ્યારે તે વક્રી હોય છે ત્યારે સૂર્યથી ૧૨ અંશના અંતર પર અસ્ત થઈ જાય છે તથા સૂર્યથી ૨૭ ના અંતરથી આગળ જતા વક્રી થઈ જાય છે. ગુરૂ ૧૨૦ થી ૧૨૪ દિવસ સુધી વક્રી રહે છે તથા પાંચ દિવસ સુધી સ્થિર વક્રી થતા પહેલા અને માર્ગી થતા પહેલા રહે છે. ગુરૂ ઉદિત થયાના ૧૨૮ દિવસ પછી વક્રી થાય છે. ગુરૂ સૂર્યથી બીજી રાશિમાં શીઘ્રગામી, ત્રીજી પર

સમ, ચોથી પર મંદગતિ, પાંચ અને છઠ્ઠી રાશિ પર વકી અને સાતમી તથા આઠમી રાશિ પર અતિવકી રહે છે. નવમી તથા દશમી રાશિ પર કુટિલ અને અગિયારમી તથા બારમી રાશિમાં શીઘ્રગામી અથવા અતિચારી થઈ જાય છે. શુક્ર એક વર્ષમાં ૪૦ થી ૫૨ દિવસ સુધી વકી રહે છે. શનિ ૧૩૮ થી ૧૪૦ દિવસ સુધી વકી રહે છે. તે વકી થવાની પહેલા ૭ થી ૮ દિવસ અને માર્ગી થતા પહેલા ૭ થી ૮ દિવસ સ્થિર રહે છે.

વકી ગ્રહનું બળ તે ગ્રહના ઉચ્ચબળ સમાન સમજવું જોઈએ. કોઈગ્રહ જ્યારે કોઈ વકી ગ્રહ સાથે યુતિમાં હોય તો તેનું બળ ઓર વધી જાય છે. જો કોઈ ગ્રહ ઉચ્ચનો થઈ વકી હોય તો તેને નીચ અથવા શૂન્યબલિ સમજવો જોઈએ. કોઈ ગ્રહ જો નીચનો થઈને વકી હોય તો સ્વગૃહી રાશિમાં જેવું ફળ આપે તેવું ફળ આપે છે. જો શુભ ગ્રહ બળવાન થઈને વકી હોય તો તે સૌમ્ય તથા ક્રૂર ગ્રહ વકી હોય તો મહાક્રૂર થઈ જાય છે. શુભ ગ્રહથી શુભ ફળ સારું અને વકી પાપી ગ્રહથી પાપફળ, અશુભ ફળ પણ અધિક પ્રાપ્ત થાય છે. વકી ગ્રહની સાથે રહેલ ગ્રહ પણ થોડા બળવાન થાય છે. જો કોઈ ગ્રહ નીચ રાશિ અથવા નીચ નવમાંશમાં સ્થિત હોય તથા વકી થઈને સ્થિત હોય તો તે ઉચ્ચ ગ્રહ જેવું ફળ આપે છે. પરંતુ ઉચ્ચ રાશી સ્થિત ગ્રહ વકી થાય તો તે અતિનિર્બળ થઈ જાય છે. વકી ગ્રહનું ફળ આકસ્મિક રીતે પ્રાપ્ત થતું જોવાય છે. જો પાપ ગ્રહ વકી થઈ કોઈપણ ભાવમાં સ્થિત હોય તો તેની જે ભાવો પર દ્રષ્ટિ હોય તે ભાવોથી સંબંધિત અશુભ ફળ જાતકને અપ્રત્યાશિત રૂપથી ભોગવવા પડે છે. પરંતુ શુભગ્રહ વકી થાય તો તેને શુભ ફળોની પ્રાપ્તિ પણ થાય છે. વકી ગ્રહોના ફળની સમયાવધિ માટે કહેવાયું છે કે મંગળ ૧૫ દિવસ સુધી, બુધ ૧૦ દિવસ સુધી, ગુરૂ ૩૦ દિવસ સુધી, શુક્ર ૧૦ દિવસ સુધી, અને શનિ ૧૫૦ દિવસ સુધી આગળની રાશિનું ફળ આપીને ત્યારબાદ પોતાની રાશિનું ફળ આપે છે. કેટલાક આચાર્યોનો મત છે કે મંગળ, બુધ, શુક્ર તેમની પહેલાની રાશિનું અને ગુરૂ અને શનિ વકી થઈ સ્થિત હોય તો તે જ રાશીનું ફળ આપે છે.

પ્રશ્ન જ્યોતિષમાં વકી ગ્રહનું ફળ નકારાત્મક રહે છે. પ્રશ્ન કરતી વખતે જે વિષયનો પ્રશ્ન હોય, તે વિષય સંબંધી ભાવમાં કોઈ ગ્રહ વકી થઈને સ્થિત હોય તો તેનું ફળ બાધિત રહે છે. તેનું ફળ તે ગ્રહ જ્યાં સુધી વકી હોય ત્યાં સુધી મળતું નથી. જ્યારે તે ગ્રહ વકી અવસ્થામાંથી નીકળી માર્ગી અવસ્થામાં આવે ત્યારે અન્ય ગ્રહ સ્થિતિ અનુકૂળ થાય ત્યારે શુભફળ પ્રાપ્ત થાય છે.

–: સંકલન :–

–બીના અશ્વિન જોશી

## -: વાસ્તુની આજુબાજુમાં ક્યાં ઝાડ હોવા જોઈએ અને ક્યાં ન હોવા જોઈએ. :-

### વિવિધ ધર્મ અને શાસ્ત્રોમાં વૃક્ષનું મહત્વ

૧. વાસ્તુની આજુબાજુ અને કંપાઉન્ડ વોલની અંદર બનતા સુધી ખૂબ મોટાં ઝાડ ન હોય મોટાં ઝાડનાં મુળથી બિલ્ડીંગની અને વોલ કંપાઉન્ડના પાયાને નુકસાન પહોંચે. મોટાં ઝાડનાં મૂળો સૂર્યકિરણનો શક્તિશાળી ફાયદો વાસ્તુને મળે નહિ.

૨. વાસ્તુની આજુબાજુ વૃક્ષો હોય તો અતિશય ઉંચા ને ભરપૂર પાનવાળાં વૃક્ષો પૂર્વ કે ઉત્તરે બિલકુલ રાખવાં નહિ આના કારણે સૂર્ય પાસેથી મળનારાં શુભ કિરણો રોકાઈ જાય આવાં વૃક્ષો વાસ્તુના દક્ષિણ, પશ્ચિમ ભાગમાં હોય તો હરકત નહીં. પરંતુ ફક્ત દક્ષિણે અથવા ફક્ત પશ્ચિમે આવે. એક જ દિશામાં મોટા વૃક્ષો ન રાખવાં. કારણ વૃક્ષોના વધુ પડતાં વજનના કારણે વાસ્તુની સમતોલ બગડે.

૩. વાસ્તુની પૂર્વ અને ઉત્તર બાજુએ ઓછી ઉંચાઈવાળા (ત્રણ થી પાંચ ફૂટ) ઉપયોગી વૃક્ષો હોય તો વાંધો નહિ.

૪. વાસ્તુના ઇશાન ખૂણામાં નાના કે મોટાં, યોગ્ય કે અયોગ્ય કોઈપણ વૃક્ષ ન હોવા જોઈએ.

૫. કોઈપણ કાંટાવાળી વનસ્પતિ અથવા કેક્ટસ વાસ્તુના આજુબાજુ અથવા વાસ્તુની અંદર શોભા માટે પણ ન રાખવાં. કારણ ગુલાબ અને શતાવરી જેવી ઔષધીય વનસ્પતિ છોડીને બાકી બધી કાંટાવાળી વનસ્પતિ નેગેટીવ રેઝ (અનાવશ્યક કિરણો) બહાર ફેંકે છે આના કારણે ઘરમાં અમસ્તો જ ઉદ્વેગ નિર્માણ થાય છે. કેક્ટસ અથવા કાંટાવાળી વનસ્પતિ એટલે રાક્ષસી અને ખરાબ પ્રવૃત્તિની વનસ્પતિની જાત.છે. જો બે-ત્રણ કેક્ટસ રાખવાં હોય તો એક કેક્ટસ પાસે ઓછામાં ઓછા તુલસીના છોડ હોવા જોઈએ. આના લીધે કેક્ટસથી થતી ખરાબ અસર ઓછી થઈ શકે. પરંતુ શક્ય હોય તો વાસ્તુ આજુબાજુની અને વાસ્તુની અંદરની બધી જ કાંટાવાળી વનસ્પતિ અને કેક્ટસ કોઈ પણ વિચાર કર્યા વગર તરત જ મૂળ સહિત કાઢીને, વાસ્તુની બહાર, દુર ઉકરડા પર નાખી દેવું. કોઈ પણ બાગમાંના, મંદિરમાંના, નદી કિનારેના, રસ્તા પર ઉગેલાં બીજા કોઈના મકાનમાંથી ચોરીને લાવેલા, અજાણી અથવા કોઈપણ અપ્રિય વ્યક્તિએ આપેલા વૃક્ષના રોપ અથવા કુંડા આપણા વાસ્તુમાં કદી પણ લગાડવાં નહિ. ફક્ત નર્સરીમાંના રોપ લાવીને લગાડવા.

૬. કેટલાય સુંદર દેખાય તેવાં, વધનારાં, ફુલોવાળા વેલા અથવા વેલીઓ હોય તો કમ્પાઉન્ડ વોલ અથવા ઘર પર અથવા માંડવો કરીને કદી પૂર્વ કે ઉત્તર દિશામાં ચડાવવાં નહિ. વેલો ફક્ત બાગમાં અથવા ઉધાનમાં જ રાખવી. મનીપ્લાન્ટની વેલ ઘરની અંદર લગાવવામાં હરકત નહિ. પરંતુ ઘરની બહાર અથવા કોઈપણ ઝાડનો આધાર આધાર લઈને બનતાં સુધી લગાવવા નહિ.

૭.ફક્ત દેવાલય વાસ્તુની આજુબાજુ, પૂર્વમાં વડ, દક્ષિણે, ઔદુંબર, પશ્ચિમમાં પીપળો (આ વૃક્ષો તેના બધા નિયમો પાળીને) લગાવવામાં હરકત નહિં. રહેવાના અને વ્યવસાયના વાસ્તુની આજુબાજુ આ વૃક્ષો કદી રાખવાં નહિ.

૮. નાના કે મોટાં, યોગ્ય કે અયોગ્ય કોઈપણ વૃક્ષ, વાસ્તુના કોઈપણ દિશાના મુખ્ય પ્રવેશદ્વારની એકદમ સામે રાખવાં નહિ.

૯. કોઈપણ વાસ્તુની પૂર્વ અથવા ઉત્તર દિશામાં, કેળ, દાડમ, પપૈયા, જાંબુ, આંબો, ફણસ, અનાનસ, લીંબુ, સરગવો, નીલગિરિ, આસોપાલવ વગેરે વૃક્ષ બનતાં સુધી ન રાખવાં. હોય તો સંતતિ કે સંપત્તિની ઉણપ લાગે. ફક્ત દક્ષિણે અને પશ્ચિમે ફણસ, અનાનસ, નીલગિરિ, બદામ, નારિયેળી, આસોપાલવ, ગુલમહોર, લીંબુ વગેરે વૃક્ષો થોડા પ્રમાણમાં લગાડવામાં હરકત નથી.

૧૦.કંપાઉન્ડ વોલને જોડીને અથવા લગોલગ કોઈપણ મોટું વૃક્ષ વાવવું નહિ.

૧૧.જૂના વાસ્તુમાંના વચ્ચેના ચોકમાં કોઈપણ મોટું વૃક્ષ હોય તે સારું નહિ. કારણ બ્રહ્માને લોડ આવે છે. અને પહેલાના લોકોની જેમ તેના વ્રતનિયમ પાળવા આપણે સમર્થ નથી. આથી બ્રહસ્થાને કોઈપણ વૃક્ષ વાવવું નહિ.

૧૨.વાસ્તુના કમ્પાઉન્ડ વોલની બહાર પશ્ચિમે અને દક્ષિણે વૃક્ષ હોય તો વાંધો નહિ. પણ સવારે ૯ થી બપોરે ૩ સુધી આ વૃક્ષોનો ઓછામાં ઓછો છાયો આપણા વાસ્તુ પર પડે તે જોવું કારણ શુભ કિરણોને અડચણ થાય છે.

૧૩. અનુરાધા, વિશાખા, રેવતી, ચિત્રા, પુષ્ય, મૃગા વગેરે શુભ નક્ષત્રોએ વૃક્ષારોપણ કરવું અથવા બગીચો તૈયાર કરવો તે ફાયદાકારક થાય.

૧૪.ગુલાબ, જાસુદ, સફેદ ચંપો, ચાંદણી, પારિજાતક, મોગરા, હજારી વ. છોડ અગ્નિ, નૈઋત્ય, ઈશાન વગેરે ખૂણા છોડીને પશ્ચિમે, વાયવ્ય ખૂણામાં અથવા પૂર્વમાં લગાવીએ તો વાંધો નહિ. બનતાં સુધી ઉત્તરમાં વૃક્ષ લગાવવા નહિં.

૧૫.ભાદરવા અથવા મહા મહિનામાં કોઈપણ અશુભ અથવા અનાવશ્યક ઝાડ કાપતાં પહેલા એક દિવસ પહેલાં સાંજે તે વૃક્ષની પૂજા કરવી. તેને દહીં ભાતનો નૈવેદ્ય ધરવો. અને પાણીની સાત પ્રદક્ષિણા કરવી. વૃક્ષને હાથ જોડી મનોમન પ્રાર્થના કરવી. હે વૃક્ષ કેટલાક અપરિહાર્ય કારણે તમને અહીંથી કાઢી નાખવાં પડે છે. ક્ષમા કરજો. યોગ્ય જગ્યાએ તમારું એક વૃક્ષ નક્કી રોપીશ. એમ કહીને પાણીનો સંકલ્પ છોડવો. ત્રણ મહિનાની અંદર વાસ્તુથી દૂર કોઈપણ ખુલ્લી જગ્યામાં પથ્થર માટીની ઓથમાં તે જ પ્રકારનું વૃક્ષ વાવવું. તેને ઓછામાં ઓછું ત્રણ દિવસ પાણી પાવું.

૧૬.વાસ્તુની આજુબાજુ કેટલી ય ખુલ્લી જગ્યા હોય તો પણ ફક્ત કૂંડામાં જ છોડ વાવવાં તે બધાથી સારૂં.

૧૭.બોર, આમલી, આમળાનું ઝાડ, બેલ, શમી બ્રહ્મરાક્ષસ, બાવળ આ વૃક્ષો વાસ્તુની આજુબાજુ કદી ન રાખવાં. આ વૃક્ષોની છાયા વાસ્તુ પર પડવી ન જોઈએ અને આની છાયામાં આરામ પણ કરવો નહિ.

૧૮.લીમડો (લીંબોળીનું વૃક્ષ) અને કેટલાંક ઠરેલા વૃક્ષો છોડીએ તો બાકીનાં બધા વૃક્ષો કાર્બન ડાયોકસાઈડ બહાર કાઢે છે. કાર્બન ડાયોક્સાઈડ વાયુ આપણા માટે ઘાતક છે. આથી જ રાત્રી કદી ઝાડ નીચે સુવું નહિ.

૧૯.જે વનસ્પતિમાંથી દૂધ જેવો સફેદ ચીક બહારઆવે છે એવી વનસ્પતિ વાસ્તુની આજુબાજુ કદી લગાડવી નહિ. ખેતરની સીમાએ લગાવવામાં હરકત નહિં. ઉદા. થોર, કપાસ વગેરે.

૨૦.સફેદ રુ નો છોડ તેના નિયમ અને વ્રત સંભાળીને પશ્ચિમે લગાવવામાં વાંધો નથી. કાળાશ પડતા જાંબળી રુ નો છોડ કદી વાવવો નહિ.



# -: કાળસર્પ યોગ :-

કાળસર્પ યોગ ક્યારે બને ? જ્યારે કુંડળીમાં બધા ગ્રહો રાહુના મુખથી કેતુ સુધીમાં આવેલા હોય ત્યારે કાળસર્પ યોગ બને છે. શું કાળસર્પ યોગ શાસ્ત્રોક્ત છે ? તો તેનો જવાબ છે ભલે આ યોગ શાસ્ત્રોમાં વર્ણવવામાં આવ્યો નથી પરંતુ આ યોગને માનવા પાછળ તેનો મૂળ આધાર શાસ્ત્રોક્ત છે. ભારતીય જ્યોતિષમાં 'પાપકર્તરી યોગ' અને 'સર્પયોગ' આ બે યોગો એવા છે જે કાળસર્પ દોષ સાથે સંબંધિત છે.

પાપકર્તરી યોગ ત્યારે થાય છે જ્યારે કોઈ બે પાપગ્રહોની વચ્ચે કોઈ ભાવ કે શુભ ગ્રહ આવી જાય છે. આ યોગના ફળસ્વરૂપ તે શુભ ગ્રહ કે ભાવ પીડિત થઈ જાય છે અને પોતાનું શુભફળ આપી શકતા નથી. સર્પયોગ ત્યારે નિર્મિત થાય છે જ્યારે ત્રણ કેન્દ્ર ભાવોમાં સૂર્ય, શનિ તથા મંગળ આ ત્રણે પાપગ્રહ સ્થિત હોય. સર્પયોગના ફળ પણ ભયાવહ હોય છે. આ યોગમાં જન્મેલ જાતક કુટિલ સ્વભાવનો. ચાલાક, ક્રુર, દીન-હીન, સદૈવ દુ:ખી, બીજાના આશ્રયે રહેવાવાળો, પરાન્નનું ભક્ષણ કરનાર હોય છે.
આ યોગથી બધા ભાવ તથા ગ્રહ પાપ પ્રભાવમાં આવી જાય છે અને પાપ ગ્રહોની વચ્ચે સ્થિત હોવાને લીધે પોતાનું ફળ બિલકુલ આપી શકતા નથી. આ સર્પયોગ પણ પાપકર્તરી યોગનું જ મોટું સ્વરૂપ છે. તેથી ફળોનું અશુભત્વ પણ અપેક્ષાકૃત વધુ છે. આ સર્પયોગ અને પાપકર્તરી યોગનું જ બીજું સ્વરૂપ કાળસર્પ યોગ છે.

શું કાળસર્પ યોગ બધાને સમાન ફળ આપે છે ?

જવાબ છે ના. તેના ફળોનું નિર્ધારણ રાહુ-કેતુની ભાવગત, રાશિગત તથા તેમના પર પડનાર દ્રષ્ટિના આધાર પર કરવું જોઈએ. રાહુ-કેતુ જો ત્રિકોણ ભાવોમાં સ્થિત થઈ કાળસર્પ યોગ બનાવતા હોય, રાહુ જો વૃષભ, મિથુન કન્યા, તુલા, અથવા કુંભ રાશિમાં સ્થિત હોય, રાહુ કે કેતુ શુભકર્તરી યોગમાં સ્થિત હોય, રાહુ પર ગુરુ, શુક્ર કે બુધની દ્રષ્ટિ હોય, રાહુની મહાદશા કે અંતર્દશા ન ચાલતી હોય, રાહુ-કેતુની મધ્યમાં સ્થિત ગ્રહો થી ગ્રહમાલિકા કે એકાવલી યોગ બનતો હોય, એક કે બે પંચમહાપુરુષ યોગનું નિર્માણ થઈ રહ્યું હોય, મહાભાગ્ય અથવા શુભયોગો વધારે બનતા હોય તો આ સ્થિતિમાં કાળસર્પ યોગનો પ્રભાવ અપેક્ષાકૃત ઓછો કે નહીવત્ થઈ જાય છે. તેથી વિપરીત જો રાહુ અષ્ટમ, ષષ્ઠ કે લગ્નમાં સ્થિત હોય, પાપ ગ્રહો સાથે યુતિ કરતો હોય અથવા પાપગ્રહોની રાહુ તથા કેતુ પર દ્રષ્ટિ હોય અને શુભગ્રહોની દ્રષ્ટિ ન હોય, રાહુ શનિ સાથે અને કેતુ મંગળ સાથે આંશિક કે સામાન્ય યુતિ કરતો હોય, રાહુ કે કેતુની મહાદશા ૧૭ થી ૨૭ વર્ષની ઉંમરની વચ્ચે ચાલી રહી હોય તો આ બધી પરિસ્થિતિઓમાં કાળસર્પ યોગ ખુબ અધિક નુકસાનદાયક કે પીડાદાયક બને છે.

ઉપરોક્ત બધી સ્થિતિઓ ઉપરાંત કાળસર્પદોષના શુભાશુભ ફળો નક્કી કરતી વખતે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે લગ્નેશ, પંચમેશ, ભાગ્યેશ, કર્મેશ તથા યોગકારક ગ્રહની સ્થિતિ શું છે ? જો આ બધા પર રાહુ-કેતુનો અધિક પ્રભાવ હોય તો કાળસર્પ અધિક પ્રભાવી હોય છે. તેથી વિપરીત જો ઉક્ત ગ્રહોમાં બે કે અધિક ગ્રહો કાળસર્પદોષના પ્રભાવથી બહાર હોય અથવા તેના પર શુભ ગ્રહોનો પ્રભાવ

આજના કાળે સાંકડી જગ્યાના કારણે સંયુક્ત કુટુંબો એટલા નથી તૂટી રહ્યા જેટલાં સાંકડા દિલના કારણે તૂટી રહ્યા છે.

વધુ હોય તો કાલસર્પદોષ અધિક પ્રભાવી હોય છે. તેથી વિપરીત જો ઉક્ત ગ્રહોમાં બે કે અધિક ગ્રહો કાલસર્પદોષના પ્રભાવથી બહાર હોય અથવા તેના પર શુભ ગ્રહોનો પ્રભાવ વધુ હોય તો કાલસર્પદોષ જાતકને ખુબ જ ઓછા પ્રમાણમાં પ્રભાવિત કરી શકે છે.

આ દોષના નિવારણ માટે કાળ ના કાળ મહાકાળ શિવની આરાધના કરવી જોઈએ તથા જન્મપત્રિકામાં યોગકારક તથા કારક ગ્રહોને બળવાન કરવા આવશ્યક છે. રાહૂ-કેતુના જન્મ નક્ષત્રોના દેવતા યમ તેમજ સર્પના નિમિત્તે જપ, દાન, આદિ કરવું જોઈએ. તો જ આ યોગ સંપૂર્ણ રીતે અનુકુળ થશે. શિવની ઉપાસનાની સાથે સર્પોની અધિષ્ઠાત્રી દેવી મા મનસાની પુજા-ઉપાસના કરવી જોઈએ. સાથે જ રાહુ-કેતુને અનુકુળ કરવા માટે તેમના મંત્રોના જપ, તેમની કારક વસ્તુઓના દાન, યંત્ર ધારણ, રૂદ્રાક્ષ ધારણ વગેરે ઉપાય કરવા જોઈએ. આ બધા ઉપાય વિશિષ્ટ મુહુર્તમાં કરવા શ્રેષ્ઠ છે. શ્રાવણ માસ આને માટે શ્રેષ્ઠ છે કારણ આ માસમાં ભગવાન શિવનો વાસ કૈલાસમાં હોય છે તથા શ્રાવણ માસની પંચમી તિથિ મનાસ (પદ્માવતી) દેવીની વિશિષ્ટ તિથી પણ છે.

-બીના અશ્વિન જોશી

## - : સફળતાદાયક રૂદ્રાક્ષ :-

રુદ્રાક્ષના મહાત્મ્યથી કોણ પરિચિત નથી ? પુરાણ - ઈતિહાસ વગેરે ગ્રંથો રુદ્રાક્ષની મહિમાથી ભરેલા છે. રુદ્રાક્ષની પવિત્રતા અને મહત્વને કારણે મોટા મોટા તપસ્વી અને ઋષિમુનિઓ પણ તેને ધારણ કરતા હતા. પુરાણોમાં ઉલ્લેખ છે કે ત્રિપુર નામના રાક્ષસ સાથે લડતાં લડતાં ઘણા દિવસ થઈ ગયા ત્યારે ભગવાન શિવની આંખોમાં અત્યધિક બળતરાથી પીડા થઈ તેજ સમયે તેમની આંખોમાંથી અશ્રુધારા નીકળી. એ આંસુ ધરતી પર જ્યાં જ્યાં પડયા ત્યાં ત્યાં રુદ્રાક્ષના વૃક્ષોમાં પરિવર્તિત થઈ ગયા. ભગવાન શિવનું બીજું નામ છે રુદ્ર અને આ વૃક્ષો ભગવાન શિવના નેત્રોના અંશ હોવાને કારણે જ તે રુદ્રાક્ષ કહેવાયા.

આ રુદ્રાક્ષ જુદાજુદા પ્રકારના રંગ-રૂપમાં મળી આવે છે. આ ફળ પર ધારીઓ અથવા ઉભી લાઇનો હોય છે જે ૧ થી ૨૧ કે તેથી અધિક સંખ્યા પણ હોઈ શકે છે. એક ધારીવાળા ફળને એકમુખી રુદ્રાક્ષ કહેવાય છે. બે ધારીવાળાને બે મુખી તથા ત્રણ ધારીવાળાને ત્રણ મુખી રુદ્રાક્ષ કહેવાય છે. તેમાં ક્યારેક બે સાથે જોડેલા રુદ્રાક્ષ મળી આવે તેને ગૌરી-શંકર રુદ્રાક્ષ, સૂંઢની આકૃતિ ઉપસી આવી હોય તેને ગણેશ રુદ્રાક્ષ કહેવાય છે. પ્રાકૃતિક રુપથી ત્રણ રુદ્રાક્ષ જોડાયેલા હોય તો તે ગૌરીપાટ કહેવાય છે.

શ્રાવણ મહિનાને રુદ્રાક્ષ ધારણ કરવા માટે સર્વશ્રેષ્ઠ માસ માનવામાં આવે છે. અહીં વિભિન્ન રુદ્રાક્ષના દેવી-દેવતા તથા ગ્રહોને દર્શાવી તેને ધારણ કરવાથી જીવનમાં કેવી સફળતા પ્રાપ્ત થઈ શકે છે તે જુદા-જુદા શીર્ષકો દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

### એકમુખી રુદ્રાક્ષ :-

એકમુખી રુદ્રાક્ષ ખુબ જ દુર્લભ માનવામાં આવે છે. આ ખુબજ અલ્પ માત્રામાં ઉપલબ્ધ થાય છે. આ એકમુખી રુદ્રાક્ષ માટે કહેવાય છે કે તે બધી સિધ્ધિઓ આપવાવાળો છે. જ્યાં તેનો વાસ હોય ત્યાં

અષ્ટસિધ્ધિઓ અને નવનિધિઓ નિવાસ કરે છે.

અથર્વવેદમાં કહ્યું છે કે એકમુખી રુદ્રાક્ષ પરમતત્વનું સ્વરુપ છે તેને ધારણ કરવાથી મનુષ્યને ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત થાય છે તથા તે પરમતત્વમાં લીન થાય છે. એકમુખી રુદ્રાક્ષને સૂર્યનું પ્રતીક માનવામાં આવે છે. જન્મપત્રિકામાં અશુભ સૂર્યના દુષ્પ્રભાવને દુર કરવા માટે તથા ઉચ્ચ કે શુભ સૂર્યના ઉત્તમ ફળ વધારવા માટે એકમુખી રુદ્રાક્ષ ધારણ કરવો જોઇએ. તેને ધારણ કરવાથી જાતકને રાજ્યનો ભય રહેતો નથી તથા નેતૃત્વનો ગુણ સ્વત: વિકસિત થાય છે.

## દ્વિમુખી રુદ્રાક્ષ :-

આ રુદ્રાક્ષ સાક્ષાત અર્ધ-નારીશ્વર સ્વરૂપ છે તેમાં માતા પાર્વતી તેમજ શિવ બંનેનું સ્વરૂપ છે. એને ધારણ કરવાથી અર્ધનારીશ્વર ભગવાન સદૈવ પ્રસન્ન રહે છે. તથા ધારણ કરનારને શકિત તથા સુખ-સમૃધ્ધિથી સિંચીત કરે છે. દ્વિમુખી રુદ્રાક્ષને ચંદ્રમાનું પ્રતીક માનવામાં આવે છે મનની શકિત પર વિજય પ્રાપ્ત કરવા માટે તથા કલ્પનાશક્તિને વિકસિત કરવા માટે દ્વિમુખી રુદ્રાક્ષ અવશ્ય ધારણ કરવો જોઇએ. જન્મકુંડળીમાં ચંદ્ર અશુભ, નીચ કે અસ્તનો હોય કે પાપગ્રહોથી પીડિત હોય તો તેણે દ્વિમુખી રુદ્રાક્ષ ધારણ કરવો જોઇએ.

## ત્રણમુખી રુદ્રાક્ષ :

આ રુદ્રાક્ષ સાક્ષાત અગ્નિસ્વરૂપ છે તેને ધારણ કરવાથી અગ્નિદેવ સદાય પ્રસન્ન રહે છે. ધારકને શિવના પ્રલયંકારી તૃતીય નેત્રથી રક્ષાકવચ પ્રાપ્ત થાય છે. ત્રણમુખી રુદ્રાક્ષને મંગળનું પ્રતિક માનવામાં આવે છે. મંગળ સાહસ-પરાક્રમનો ગ્રહ છે. તેથી પરાક્રમનો લાભ મેળવવા માટે આ રુદ્રાક્ષ અવશ્ય ધારણ કરવો જોઇએ. જન્મકુંડળીમાં મંગળ અશુભ,નીચ કે અસ્તનો હોય તો તેવા જાતકે ત્રણમુખી રુદ્રાક્ષ અવશ્ય ધારણ કરવો જોઇએ.

## ચારમુખી રુદ્રાક્ષ :

ચારમુખી રુદ્રાક્ષ સાક્ષાત ચતુરાનન્ બ્રહ્માસ્વરૂપ છે તેને ધારણ કરવાથી બ્રહ્માજીના આશીર્વાદ સદૈવ પ્રાપ્ત થાય છે અને વિધાતા સદૈવ પ્રસન્ન રહે છે. આ રુદ્રાક્ષ બુધનું પ્રતીક માનવામાં આવે છે. બુધ લેખન તથા વક્તૃત્વશક્તિનો મુખ્ય કારક છે તેથી જેનો બુધ નિર્બળ હોય તેણે આ રુદ્રાક્ષ ધારણ કરવો જોઇએ.

## પંચમુખી રુદ્રાક્ષ :

આ રુદ્રાક્ષ પંચબ્રહ્મા સ્વરૂપ છે આ રુદ્રાક્ષ ધારણ કરવાથી નરહત્યાના દોષોને દૂર કરી શકાય તેવી શક્તિ છે આ રુદ્રાક્ષ ઘણી જગ્યાએ, ઘણી સંખ્યામાં મળી આવે છે તે ગુરુનું પ્રતીક છે અને ગુરુ આધ્યાત્મ અને જ્ઞાનનો પ્રતીક છે તેથી ગુરકૃપા મેળવવા માટે, ગુરુના દોષ, દૂર કરવા માટે આ રુદ્રાક્ષ ધારણ કરવો જોઇએ.

## છ મુખી રુદ્રાક્ષ :

આ રુદ્રાક્ષ કાર્તિકેયનું પ્રતીક છે. કાર્તિકેય દેવોના સેનાપતિ તેમજ શિવના જ્યેષ્ઠ પુત્ર છે. તેમની કૃપાથી ભયથી મુક્તિ તેમજ આરોગ્ય પ્રાપ્ત થાય છે. આ રુદ્રાક્ષ શુક્રનું પ્રતીક છે તેથી જેનો શુક્ર નિર્બળ હોય તેણે સ્નેહ, સૌંદર્ય મેળવવા માટે આ રુદ્રાક્ષ ધારણ કરવો જોઇએ.

## સાતમુખી રુદ્રાક્ષ :

આ રુદ્રાક્ષ સપ્તમાતૃકાઓનો પ્રતીક છે. તેને ધારણ કરવાથી લક્ષ્મી તથા આરોગ્યની પ્રાપ્તિ થાય છે. આ રુદ્રાક્ષ શનિ ગ્રહનું પ્રતિનિત્વ કરે છે. તેથી જેનો શનિ નિર્બળ હોય અને જે સાઢાસાતી કે નાની પનોતીથી પીડિત હોય તેણે આ રુદ્રાક્ષ ધારણ કરવો જોઈએ.

## આઠમુખી રુદ્રાક્ષ :

આ રુદ્રાક્ષ અષ્ટમાતૃકાઓનો પ્રતીક છે તે અષ્ટવસ્તુઓનું પણ પ્રતિનિધિત્વ કરે છે અને ભાગીરથી ગંગાને પણ પ્રિય છે. આ રુદ્રાક્ષ રાહુનું પ્રતીક માનવામાં આવે છે તેથી જેનો રાહુ પીડિત હોય તેણે આ રુદ્રાક્ષ ધારણ કરવો જોઈએ. જેમની કુંડળીમાં કાલસર્પયોગ છે તેમણે આઠમુખી, નૌમુખી તથા લગ્નેશના રુદ્રાક્ષ અવશ્ય ધારણ કરવા જોઈએ.

## નૌમુખી રુદ્રાક્ષ :

આ રુદ્રાક્ષ નવશક્તિનું પ્રતિક છે તેને ધારણ કરવાથી આ શક્તિઓ પ્રસન્ન થાય છે તથા બળ તથા સાહસ વધે છે. તે કેતુનું પ્રતીક છે તેથી જેમનો કેતુ નિર્બળ હોય તેમણે આ રુદ્રાક્ષ ધારણ કરવો જોઈએ.

## દશમુખી રુદ્રાક્ષ :

આ રુદ્રાક્ષ સાક્ષાત યમ કે કાળ સ્વરૂપ છે. આને ધારણ કરવાથી અશુભ દશાની શાંતિ થાય છે. તથા કાળના ભયથી મુક્તિ મળે છે.

## એકાદશી રુદ્રાક્ષ :

આ રુદ્રાક્ષ સાક્ષાત રુદ્રનું પ્રતિક છે. આને ધારણ કરવાથી સુખ સમૃધ્ધિ પ્રાપ્ત થાય છે અને સૌભાગ્ય વધે છે.

## દ્વાદશમુખી રુદ્રાક્ષ :

આ સાક્ષાત વિષ્ણુનું પ્રતિક છે. તથા આને દ્વાદશ આદિત્ય સ્વરૂપ પણ માનવામાં આવે છે. આને ધારણ કરવાથી બધાના પાલનકર્તા થાય છે.

## ત્રયામુખી રુદ્રાક્ષ :

આ કામના સિધ્ધ કરવાવાળું રુદ્રાક્ષ છે. કામદેવ સ્વરૂપ આ રુદ્રાક્ષ સર્વ કામનાઓને પૂર્ણ કરે છે.

## ચતુર્દશમુખી રુદ્રાક્ષ :

આ રુદ્રાક્ષ હંમેશા સિધ્ધિ આપવાવાળું અને સર્વ પ્રકારની વ્યાધિઓથી મુક્ત કરી હંમેશા સારું સ્વાસ્થ્ય આપે છે.

પંદરથી એકવીસ મુખી રુદ્રાક્ષ મળવા અલભ્ય છે.

–બીના અશ્વિન જોશી

# नक्षत्र ज्ञान माला

| | |
|---|---|
| अश्विनि भरणी पद चार कृतिका एक चरण है मेष। | दो पद चित्रा स्वाति चार तिन विशाखा पद है तुल। |
| कृतिका तिन रोहिण्ये चार दो पद मृग वृषभ विचार। | एक विशाखा अनुराधा चार ज्येष्ठा पूर्ण है वृश्चिक विचार। |
| मृग दो पद आद्रा चार तिन पुनर्वसू मिथुन विचार। | मूल पूर्वा उत्तरा पद एक धनु राशिका करो विवेक। |
| एक पुनर्वसू पष्य श्लेष जानिये कर्कट राशि विषेश। | ऊत्तरा तिन श्रवण पद चार दो धनिष्ठा मकर विभेद। |
| मघा पूर्वा उत्तर पद एक सिंह राशिका करो विवेक। | दो धनिष्ठा शतमिष चार पूर्वा तिन पद कुम्भं निर्धार। |
| उत्तरा तिन सकल पद हस्त दो पद चित्रा कन्या जानो। | पूर्वा एक उत्तरा चार सकल रेवति मीन विचार। |

## तिथि दोहा

प्रतिपदा एकादशी षष्ठी नन्दा जान।
दूज सप्तमी द्वादशी भद्रा मान।
तृतीया अष्टमी त्रयोदशी जया जान।
चौदशी चौथ नवमी येतो है रिक्ता मान।
पंचदशी पंचमी तथा दशमी है पूर्णा मान।
सब तिथियोके नाम सम जानी फल परिणाम।

## વૈદિક જ્યોતિષ સંસ્થાન દ્વારા આયોજિત ગુરુપૂર્ણિમા મહોત્સવ પર

## રાહુ તથા કેતુ વિવેચન

### પૌરાણિક સંદર્ભ

એક વાર દેવતા તથા દાનવો એ પરસ્પર સમજૂતિ સાધી સાગર મંથન કરવાનો નિર્ણય કર્યો અને મંથન દરમ્યાન નવનીત સ્વરુપે જે દ્રવ્ય મળે તે સરખે ભાગે શાંતીપૂર્વક વ્હેંચી લેવાની સમજુતિ પાકી થઈ, મંથન પ્રારંભ થયા બાદ સાગરમાંથી ચૌદ વસ્તુઓ નિકળી જે ૧) વિષ ૨) કૌસ્તુભ મણી ૩) રંભા નામની અપ્સરા ૪) લક્ષ્મીજી ૫) ઐરાવત હાથી ૬) કલ્પવૃક્ષ ૭) કામધેનુ ગાય ૮) શંખ ૯) અશ્વ ૧૦) ધનુષ ૧૧) ચંદ્રમાં
૧૨) મદિરા ૧૩) ધન્વંતરી ૧૪) અમત કુંભ.

ઉપરોક્ત તેર વસ્તુઓની વહેંચણીમાં કોઈ ખાસ ખેંચતાણ ન થઈ પરંતુ જેવો અમૃત કુંભ નિકળ્યો કે તરત ભાગદોડ થવા માંડી, બન્ને પક્ષો અમૃત કુંભ મેળવવા માટે પોતાનો હક્ક જાહેર કરી પોતાના પક્ષને જ મળે તેવો આગ્રહ રાખતા હતા. દાનવો મદિરા મેળવી તેનું પાન કર્યા બાદ ખુબજ ધુત તથા મસ્ત થઈ ચૂક્યા હતા, અમૃતનું નામ પડતાજ દાનવો બેકાબુ બની અમૃતનો કુંભ ઝુટવવા માટે દોડાદોડ કરી લડાઈ પર ઉતરી આવ્યા.


વાત ખૂબજ બગડતી જોઈ શ્રી વિષ્ણુ એ મોહિની રૂપ ધારણ કર્યું, એમણે દાનવ પક્ષને મોહ પમાડી પ્રસ્તાવ મુક્યો જો લડવાનું બંધ કરો તો હું બન્ને પક્ષોને સરખે ભાગે પાન કરાવીશ, દાનવો પહેલા તો ફક્ત મદિરાથી મસ્ત થયા હતા હવે તેઓ પર મોહિનીના રુપનો પણ કેફ ચડ્યોહતો. મોહિની ના રુપને વશ થઈ તરત તૈયારથઈ ગયા. તેઓને અહિં થતી ચાલાકી ન સમજાઈ પરંતુ સૈહિકંય નામક દાનવ ખૂબજ ચાલાક હતો, તેને આ ચાલાકીની ગંધ આવી ગઈ.

એ પોતે પણ માયાવી હતો એણે તરત જ દેવતાઓ જેવું રુપ ધારણ કરી દેવતાઓની હરોળમાં જઈ બેઠો અને વારો આવતા જ અમૃત મોઢે માંડી પિધુ તે જ વખતે સૂર્ય-ચંદ્રની દ્રષ્ટિ તેના પર પડી તેઓ એ તરત જ મોહિની રુપ શ્રી વિષ્ણુ ને જાણ કરી. તત્કાળ પોતાના મૂળ સ્વરુપમાં આવી પોતાના સુદર્શન ચક્ર દ્વારા સૈહિકંય નામના દાનવ નું મસ્તક તથા ધડ અલગ કરી નાખ્યું, પરંતુ અલગ થવા છતા આ બન્ને અંગો અમર થઈ ચૂક્યા હતા કારણ કે અમૃત તેના કંઠમાં પહોચી ગયુ હતું. આ બન્ને મસ્તક તથા ધડ અમરત્વ પામિ જતા તેઓ સૂર્ય-ચંદ્ર ને ગ્રહી લેવાની ત્રાડ નાખતા ગયા, જે આજે પણ સમય સમય પર સૂર્ય અને ચંદ્ર ગ્રહણ દ્વારા પ્રતિતી કરાવે છે. બ્રહ્માંડમાં એક બીજા થી ૧૮૦ અંશ પર સ્થિર થઈ પૃથ્વી ની છાયા રુપે સ્થાન લઈ ચૂક્યા હતા. જેને આપણે રાહુ અને કેતુ ના નામથી ઓળખીયે છીએ.

### આધુનિક સંદર્ભ


આધુનિક સંશોધન ની માન્યતા અનુસાર ખગોળમાં રાહુ-કેતુ નામક કોઈ જ પદાર્થ કે ધન રુપ પદાર્થ નથી. ખરેખર તો પૃથ્વી તથા ચંદ્ર ના ભ્રમણ માર્ગ ના જે બે છેદન બીંદુ છે, નૈઋત્ય તરફનો છેડો રાહુ તથા

## આકૃતિ ૧) પૃથ્વી તથા ચંદ્ર ભ્રમણ માર્ગ





આકૃતિ ૨) અમાસનું સૂર્ય ગ્રહણ



આકૃતિ ૩) પૂર્ણિમાનું ચંદ્ર ગ્રહણ

આકૃતિ :- ૧) ઉપરોક્ત ચિત્ર અનુસાર પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા કરે છે. ચંદ્ર પૃથ્વીની પ્રદક્ષિણા તો કરે જ છે. પણ સાથે સાથે પૃથ્વી જોડે સૂર્યની પણ પ્રદક્ષિણા થાય છે. આ ભ્રમણ માર્ગ ને કાંતીવૃત કહેવાય છે. જ્યાં આ બન્ને ના માર્ગ છેદાય છે તે બિંદુ રાહુ-કેતુ છે. ખરેખર તો આ બન્ને પૃથ્વીના બન્ને ધ્રુવના માત્ર પરછાયા જ છે. શાસ્ત્રકારોએ અવલોકન દ્વારા જાણ્યું કે આ છાયામાં આવી જતા બધાજ ખગોલીય પદાર્થો પર અસર થાય છે, જેમ કે ગ્રહણો થવા તથા જે કોઈ ગ્રહ કે રાશિ અથવા ભાવ આ છાયામાં આવે તે પણ અસરપામે છે. પરંતુ આ અસરો અદ્રશ્ય (અન વિઝેબલ) રૂપે કામ કરતી હોય છે. જે અનુભવી દૈવજ્ઞો તરત જ પકડી પાડે છે. અને તેના શુભાશુભ ફળકથનનો તારવે છે.

કુંડળી રાહુ-કેતુ ચટપટા મસાલાની જેમ તથા રસોઈમાં મીઠુ (લવણ)ના જેટલું મહત્વ ધરાવે છે. અને રસોઈમાં નહોતા જેમ ફીક્કાસ વર્તાય તે રીતે કાર્ય કરે છે. રાહુ કુંડળીમાં ભાવ તથા રાશિ અનુસાર અતિ મહત્વકાંક્ષા તથા તીવ્ર ઈચ્છા શક્તિનો નિર્દેશ કરે છે. કેતુ કુંડળીમાં ભાવ તથા રાશિ અનુસાર પૂર્વ જન્મ તથા આ જન્મની અધુરી તૃષ્ણા, તરસ, ઈચ્છા, વાસના અને તડપ દર્શાવે છે જે પુરી કરવા આ જન્મ લેવો પડ્યો છે.

## -: ગ્રહોણો કેવી રીતે થાય છે :-

આકૃતિ :- ૨) અવકાશી ભ્રમણ દરમ્યાન સૂર્ય-ચંદ્ર-પૃથ્વી એક સીધી રેખામાં એટલે ૧૮૦ અંશની સીધાઈમાં આવી જતા હોય તથા તે દિવસે અમાસ તિથી હોય ત્યારે પૃથ્વીનો જે પ્રદેશ સૂર્યની સન્મુખ હોય તે વિસ્તારોમાં સૂર્ય ગ્રહણની અવકાશી ઘટના દ્રશ્યમાન થાય છે.

આકૃતિ :- ૩) અવકાશી ભ્રમણ દરમ્યાન સૂર્ય-પૃથ્વી-ચંદ્ર એક સીધી રેખામાં એટલે ૧૮૦ અંશની સીધાઈમાં આવી જતા હોય તથા તે દિવસે પૂર્ણિમા તિથી હોય ત્યારે પૃથ્વીનો જે પ્રદેશ ચંદ્રની સન્મુખ હોય તે વિસ્તારોમાં ચંદ્રગ્રહણની અવકાશી ઘટના દ્રશ્યમાન થાય છે.

## -: રાહુ-કેતુની ભૌગોલિક સ્થિતી :-

રાહુ-કેતુ એક રાશિમાં ૧૮ મહિના ભ્રમણ કરે છે. એક નક્ષત્રમાં ૨૫૨ દિવસ તથા એક ચરણ (નવાંશ)માં લગભગ ૬૩દિવસ ભ્રમણ કરે છે. એ દૈનિક ૩ કળા ૧૧ વિકળાની સદા વક્રિ ગતિ થી ભ્રમણ કરે છે. પૌરાણિક શાસ્ત્રોમાં રાહુ-કેતુને રાશિનું આધિપત્ય નથી. પરંતુ આધુનિક મત અનુસાર રાહુને કન્યા કેતુને મીન રાશિનું આધિપત્ય આપવામાં આવેલ છે. રાહુને મિથુન તથા કેતુને ધનરાશિમાં ઉચ્ચત્વ આપેલ છે. એક દ્રષ્ટિ બાબત શાસ્ત્રકારો વચ્ચે વિભિન્ન મત પડે છે.અમુક શાસ્ત્રકારોના મતે ગુરુ તુલ્ય (૧, ૫, ૯) દ્રષ્ટિ માનવી જ્યારે બીજો મત રાહુ મસ્તક છે તો એની દ્રષ્ટિ માન્ય પણ કેતુને મંગળ માનવામાં આવે છે, રાહુ-કેતુના બુધ, શુક્ર, શનિ મિત્રો છે, ગુરુ સમ છે તથા સૂર્ય, ચંદ્રઅને મંગળ શત્રુ છે.

રાહુના નક્ષત્રો :- આદ્રા, સ્વાતિ તથા શતતારકા છે. કેતુના નક્ષત્રો :- અશ્વિની, મઘા તથા મૂળ છે.

## -: રાહુ-કેતુનો માનવ જીવન પર પ્રભાવ :-

રાહુના જાતકો બહુરુપિયા જેવા હોય છે, લોકો ક્યારે કઈ તરફ પલટો લેશે તે સમજવું બહુજ કઠીન કાર્ય છે, સામેવાળાને કઈ રીતે શીશામાં ઉતારવો તેની ગણાત્રીમાં ટાંપિને બેઠા હોય છે, વૈવાહિક જીવનમાં આ લોકોનું આચરણ સંદેહાસ્પદ હોય છે. સામેના પાત્રને આમની મનઘડંત વાર્તા હંમેશા સાચ્ચિજ હોય અથવા માનવી પડે એવી હોય છે જે ખરેખર સાવ જૂઠી હોય છે, ઉંધા કાર્યોમાં વધારે રુચિ રાખનારા, ગેરકાનુની કાર્યોમાં તત્પર, મગજ ખુબજ તેજ પુરતું વિચિત્ર તુક્કા લડાવવામાં, ખુબજ સારા જાસુસ (ગુપ્તચર) છાના કાર્યોમાં નિપુણ, હંમેશા સાવધ, વસ્ત્રાલંકાર તથા આભૂષણોના શોખીન, ખુબજ ખર્ચાળ જીવન શૈલિ, જગતની તમામ મૌજ મજા ભોગ ભોગવવાની તમન્ના, (દરેક બાબત રાહુની રાશિ-ભાવગત તથા સૂર્યાદિ ગ્રહોની સ્થિતી અને યોગ અનુસાર માનવા.)

કેતુના જાતક શુભ યોગમાં હોતા જાતક સાત્વિકતામાં રુચી સાત્વિક જીવનની ઇચ્છા, કુપ્રભાવમાં હોતા જાતક નકારાત્મક તથા અજગર જેવા સુસ્ત માંદા તથા વખત પહેલા વૃધ્ધત્વ, વારંવાર માનહાનિ, પોતાનાથી નાની વયવાળા દ્વારા તુચ્છકાર મળવો, આંતરિક વ્યથા, અંતરમુખી, ભાવ શુન્ય વદન (ચહેરો), સુખ કે દુ:ખમાં એક સરખો ભાવ, (દરેક બાબત કેતુની રાશિ-ભાવગત તથા સૂર્યાદિ ગ્રહોની સ્થિતી યોગ અનુસાર માનવા)

રાહુ :- સ્વાર્થી, પાપી, અહંકારી, જુઠ્ઠો, જુગારી, વિવેચક, ગંજેરી, વિજાતિરત, જાસૂસ, ગુપ્તચર, જાદુગર, મદારી, ગારુડી, ગુંડાતત્વ, ષડયંત્ર, બળવાખોર, કટુવચન, અવૈધકર્મ, પરાક્મી, વનચરી, પરદેશગામિ, અતિવૃધ્ધ, ચોરવૃત્તિ, વિધુર, નીચી દ્રષ્ટિ, તામશી શક્તિનો ભક્ત.

કેતુ :- અતિરોગી, ઉંચી દ્રષ્ટિ, કુરુપ, શનકી, રાજા કે સરકારથી પિડીત, ત્યાગી, સંન્યાસી, મુનિ, ભાકુત, પરવૈભવી, દત્તક, કૂ-સંગત-મિત્ર, આચાર વિચારમાં શિથીલતા, અંધશ્રધ્ધાળુ, લોભી, દંભી, કંજૂસ, વ્યવસાયમાં બદલાવ, ઝગડાળું, રંગકાર, ચિત્રકાર, અકાંતપ્રિય, વૈદ્ય, ચિકિત્સક, ભૈરવ ભક્ત.

## -: રોગ-દર્દ :-

રાહુ : શ્વસન તંત્રને લગતા રોગો, ફેફ્ફૂ, ત્વચાને લગતા રોગો, વિષબાધા, સ્વપ્ન રોગી, કફ વાયુ, ગુંગળામણ, ફાંસી, આત્મહત્યા, ડુબવું, નાગણ (હર્પીસ), સર્પદંશ, અસ્થમા, ન ઓળખાય તેવા દર્દો.

કેતુ :- સંવાહનને લગતા દર્દો (એલર્જી) રક્તપિત, ન રુઝતા ચાંદા-ઘાવ, મસા, અગ્નિભય-ઘાત, મનોરોગી, દ્રષ્ટિ દોષ, કુરુપ સંતાન, અનુવાંશીક રોગ, કોઢ, પાંડુ રોગ, ક્ષય, કર્કરોગ (કેન્સર), ફોડા, ગડ-ગુંમડ, ખરજવું, પેટના રોગો તથા ન ઓળખાતા રોગો.

## -: રાહુનો અમલ :-

નામો :- સૈહિંક્ય, તમ, અશુર, સર્વભાનું, દાનવ, ડ્રેગન્સ હેડ, દેવતા : વાયુ, વિદ્યા : ગારુડી, રત્ન : ગોમેદ, રંગ : ભુરો-રાખોડી, ફળ : નારિયલ, ફૂલ : કાળુ, તત્વ : પૃથ્વી-જળ-વાયુ, કાર્ય-ગુણ : ગુપ્તચર, મંડળ : સૂપાકાર, અવસ્થા : અતિવૃધ્ધ, સમિધા : દુર્વા, કારક : દાદા-પિતૃ,

## -: કેતુનો અમલ :-

નામ : શિખી, ધ્વજ, ધુમ્ર, યમાન્જજ, મૃત્યુપત્ર, પ્રાણહર, ડ્રેગન્સટેઈલ, દેવતા : આકાશ, વિદ્યા : ગુપ્ત-ગુઢ, મંત્રશકિત, રત્ન : વૈડુંર્ય-લસણિયો, રંગ : ચિત્ર-વિચિત્ર, ધાતુ : કાંસુ, કાષ્ઠ : અશ્વગંધા, વાહન : કબુતર-હોલો, ગોત્ર : જૈમિનિ, વર્ગ : સર્પ, દેશ : અંતર્વેદી, વસ્ત્ર : છિદ્રિત, ફળ : દાડમ, ફૂલ : પલાશ, તત્વ : તેજ-આકાશ, કાર્ય-ગુણ : પારિચારિકા, અવસ્થા : અતિરોગી, સમિધા : દર્ભ, મંડળ : ધ્વજાકાર, કારક : નાના (આજા), કાળી કામળી, બકરી, બ્રહરાક્ષસ, ખવિસ, જંડ, ડાકિનિ, ઇત્યાદિ.

## -: રાહુ - કેતુ દ્વારા કાલ સર્પ :-

જો કુંડળીમાં બધાજ સૂર્યાદિ ગ્રહો રાહુ-કેતુ વચ્ચે આવી જતા હોય તો કાલ સર્પ નામનો યોગ બને છે. પરંતુ અહિં યાદ રાખવાનું છે કે બન્ને વક્રાચારી છે, સૂર્યાદિ સાતેય ગ્રહો તરફ રાહુ વક્ર ગતિથી આગળ

વધતો હોય તો કાલસર્પ યોગ પાકો માનવો, શાસ્ત્રકારોએ અહિં ખુબજ વિચાર કરી તર્ક મૂક્યો છે કે રાહુ મુખ ખોલી એક પછી એક સાતેય ગ્રહોને ગળવા જઈ રહ્યો છે, બીજી રીતે સમજશું કે જાતકના જન્મ સમયે કુંડળી એવી બને કે સાતેય ગ્રહો રાહુના છાયામાંથી પસાર થશે. ઉપર જણાવ્યું તે પ્રમાણે છાયામાં આવનારા ગ્રહો પોતાની ગતિ મુજબ વધુ કે ઓછા સમય માટે આ છાયામાંથી પસાર તો થવું જ પડશે, તે દરમ્યાન પોતાના પ્રકાશના કિરણો પ્રસારી શકતા નથી તે પોતેજ અંધકારમાં–છાયામાં હોવાથી જાતક નાં જીવનમાં સાતે સાત ગ્રહોને લગતું ફળ નબળું બનતા અવરોધો સર્જાય છે. પણ જો કેતુ બધાજ ગ્રહો સન્મુખ વધતો હોય તો આ દોષ બનતો નથી કારણ કે કેતુ પુચ્છ ગણાય છે જે ગ્રહોને ગળી શકતો નથી.

## -: પિતૃ–દોષ :-

આ દોષ પણ રાહુ દ્વારા બને છે. જો કુંડળીમાં કોઈ પણ પણફર સ્થાનોમાં રાહુ સ્થિત હોય તો પિતૃદોષ બને છે, આ યોગ અનુવાંશીક ઉતરતો આવે છે, પૂર્વજો દ્વારા કોઈની સંપત્તિ, હક, જમીન, મકાન, મિલ્કત, ખોટા રસ્તે હડપવામાં આવી હોય, કોઈની હાય, શ્રાપ, આહ, નિસાશો લીધો હોય, કોઈ પૂર્વજો એ આત્મહત્યા કરી હોય, નિસંતાન મૃત્યુ પામ્યા હોય, અંત સમયે કોઈક સંપત્તિમાં જીવ ચોટયો હોય તો તે કુટુંબમાં આ દોષ ઉતરી આવે છે, આવનાર સંતાનોમાં વત્તે ઓછે અંશે આવતો રહે છે. કોઈક સાત્વિક આત્માં આ દોષ પાર કરી જતો હોય છે, તો બાકીના સંતાનોમાં દેખાય છે, સાત્વિક કાર્યો, કથા, દાન, ધરમ, પૂજન દ્વારા આવનારી પેઢીમાં નષ્ટ (નાબુદ) કરી શકાય છે.

## -: રાહુના મંત્ર (જપ સંખ્યા ૭૨,૦૦૦) :-

૧) " अर्धकायं महावीर्यं चन्द्रादित्यविमर्दनम ।
सिंहकागर्भ संभ्भूतं तं रहुं प्रणामाम्यहम् ।। "

२) " ॐ रां राहवे नमः "

३) " ॐ र्हीं राहवे नमः "

४) " ॐ भ्रॉं भ्रीं भ्रौ सः राहवे नमः "

દાન : સીસુ, તલ, ગોમેદ, સરસોં (રાઈ), રાખોડી કાપડ, રાખોડી કામળો, મૂળા, સૂપડી, ઘોડી, કોઈ શુદ્ર અથવા દરિદ્ર ને સંધ્યા સમયે દાન કરવું જોઈએ.

## -: કેતુ ના મંત્ર (જપ સંખ્યા ૬૮,૦૦૦) :-

१) " पलाशपुष्प संकाशं तारकाग्रह मस्तकम् ।
रोद्रमं रोद्रात्मकं घोरं तं केतु प्रणामाम्यहम् ।। "

२) " ॐ के केतवे नमः "

३) " ॐ र्हीं केतवे नमः "

४) " ॐ स्राँ स्रीं स्रौ सः केतवे नमः "

દાન : કાંસુ, વૈદુર્ય, તલ, સરસોં (રાઈ), કાળું કાપડ, કાળી કામળ, બકરી, કોઈ શુદ્ર અથવા દરિદ્રને સંધ્યા સમયે દાન કરવું જોઈએ.

પ્રસ્તુતિ : શ્રી અશોક ચૌહાણ

-: અંગ્રેજી મીડીયમમાં બાળકોને મૂક્યા હોય તો આ વાંચો :-

મેં ભારતદેશના ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમના વિસ્તીર્ણ વિસ્તારોનું પરિભ્રમણ કર્યું છે. આ દેશ એટલો સમૃધ્ધ છે અને તેની પ્રજાનું નૈતિક મૂલ્યોનું સ્તર એટલું ઉન્નત છે કે મેં દેશમાં કોઈ નાગરિક એવો ન જોયો કે જે ભિક્ષુક હોય કેજે ચોર હોય. હું નથી ધારતો કે આવા ઉત્કૃષ્ટ નૈતિક મૂલ્યવાન દેશને આપણે ક્યારેય પણ જીતી શકીએ. સિવાય કે આ દેશની આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક વારસો કે જે રાષ્ટ્રની કરોડરજ્જુ સમાન છે તેનો આપણે નાશ કરી શકીએ.

અને આથી હું દરખાસ્ત કરું છું કે આપણે તેની ગૌરવસમી સદીઓ પુરાણી પ્રાચીન શિક્ષણ પ્રણાલી અને તેની સાંસ્કૃતિક પ્રથાઓને મૂળથી જ બદલીએ કે જેના પરિણામે હિન્દુસ્તાનીઓ માનતા થાય કે જે કંઈ વિદેશી છે અને ઇંગ્લીશ છે તે તેમના કરતા વિશેષ સારું છે અને મહાન છે અને આ કારણે તેઓ પોતાની ઓળખ તેમજ આત્મગૌરવ ગુમાવશે. પોતાનું નિજી સાંસ્કૃતિક સ્વરૂપ ગુમાવશે અને તેઓ એવા નાગરિકો બની જશે કે " જેવા આપણે તેમને ઈચ્છીએ છીએ."
(કાળ અંગ્રેજો-સ્વૈચ્છિક ગુલામો)

એ ખરા અર્થમાં આપણા આધિપત્યવાળું ગુલામ રાષ્ટ્ર બની રહેશે.

આપણને ઇતિહાસ(કે ઉઠા) એવો ભણાવાયો કે આપણે અંધકાર યુગમાં જીવતા હતા.

---

કલકત્તા, ઓક્ટોબર ૧૨, ૧૮૩૬

પરમ પ્રિય પિતાજી !

આપણી શાળાઓ ખૂબ સરસ રીતે ઉન્નતિ કરી રહી છે. હિન્દુઓ પર આ શિક્ષણનો પ્રભાવ અદ્‌ભુત થયો છે. અંગ્રેજી શિક્ષણ મેળવ્યું છે એવો એક પણ હિન્દુ એવો નથી જે સાચા હૃદયથી પોતાના ધર્મને અનુસરતો હોય. થોડા એવા છે જે નીતિના વિચારથી પોતાને હિન્દુ કહે છે અને કેટલાક ખ્રિસ્તી બની રહ્યા છે. એ મારો વિશ્વાસ છે કે જો આપણી આવી જ શૈક્ષણિક નીતિ ચાલતી રહેશે તો અહીંની સન્માનિત જાતિઓમાં આગામી ત્રીસ વર્ષોમાં એક પણ એવો બંગાળી બાકી નહીં બચ્યો હોય જે મૂર્તિપૂજક હોય. આ એમને ખ્રિસ્તી બનાવ્યા વિના જ થઈ જશે. એમના ધર્મમાં હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા પણ નહીં રહે. આપણું (અંગ્રેજી) જ્ઞાન અને વિચારશીલતા વધારવાથી એ કામ આપમેળે થી જશે. આવી સંભાવના પરમને અત્યંત પ્રસન્નતા થઈ રહી છે.

વાંચવા પછી તમારું સ્વાભિમાન શું કહે છે ?

આપનો પ્રિય
ટી. બી. મેકોલ

# Vedic Jyotish Sansthan

## Jyotish



| | |
|---|---|
| 1. Mukesh D. Mehta | 64 |
| 2. Vipul R. Shah | 63 |
| 3. Manisha N. Parmar | 59 |
| 4. Zankhana K. Dave | 56 |
| 5. Jagruti S. Mehta | 53 |
| 6. Vasanti Bhadra | 49 |
| 7. Sarvil P. Vaidhy | 42 |
| 8. Doli G. Sonegi | 36 |

## Hastarekha

| | |
|---|---|
| 1. Vipul R. Shah | 77 |
| 2. Jagruti S. Mehta | 76 |
| 3. Vasanti Bhadra | 74 |
| 4. Zankhana K. Dave | 71 |
| 5. Manisha N. Parmar | 69 |
| 6. Mukesh D. Mehta | 66 |
| 7. Doli G. Sonegi | 63 |
| 8. Sarvil P. Vaidhy | 61 |

## Vastu



| | |
|---|---|
| 1. Vipul R. Shah | 76 |
| 2. Zankhana K. Dave | 76 |
| 3. Mukesh D. Mehta | 72 |
| 4. Jagruti S. Mehta | 71 |
| 5. Vasanti Bhadra | Nl |
| 6. Manisha N. Parmar | 68 |
| 7. Sarvil P. Vaidhy | 54 |
| 8. Doli G. Sonegi | 51 |

## -: ચાણક્યની ચાનક :-

### ૧) कार्य पुरुषकारेण लक्ष्यं संम्पद्यते

કર્તવ્ય રૂપે સ્વિકારેલું કાર્ય એક ધ્યેય બની જાય છે.

'મારે આમ કરવું જ છે' એમ દ્રઢ નિર્ધાર કર્યા બાદ એ કાર્ય વ્યક્તિ માટે એક ધ્યેય, એક મકસદ બની જાય છે અને તે લાભ કે નુકસાનની પરવા કર્યા વિના એ કાર્યમાં ઝંપલાવે છે. અલબત આખરે તો એને એમાં સફળતા જ સાંપડે છે.

### ૨) पुरुषकार मनुवर्तते दैवमं

પ્રારબ્ધ પુરુષાર્થની પાછળ પાછળ ચાલે છે.

પ્રારબ્ધ પર ભરોસો રાખનારો મનુષ્ય બેઠો જ રહે છે જ્યારે પુરુષાર્થને પ્રાણ સમજતો માનવી સફળતાનાં એક પછી એક સોપાનો સર કરી ઘણો આગળ નીકળી જાય છે. આનાથી સિધ્ધ થાય છે કે પુરુષાર્થ આગળ ચાલે છે અને પ્રારબ્ધ એની પાછળ.

### ૩) हस्तगतावमानात् कार्य व्यतिक्रमो भवति

હસ્તગત સાધનોનાં અવમાનથી કાર્યની વ્યક્તિક્રમ થાય છે.

જે કોઈ પણ સાધન પાસે હોય એનો સદ્‌ઉપયોગ કરી કાર્યનો પ્રારંભ કરવો જોઈએ અને જે સાધનો પાસે નથી એને માટે મન કે ચિત ને બેચેન ના બનાવવું જોઈએ. કોઈપણ કાર્યસિધ્ધિ માટે પ્રાપ્ત સાધનોનો સદ્‌ઉપયોગ મહત્વનો છે. મૂર્ખ લોકો મોટે ભાગે, કાર્યસિધ્ધિ માટે અપ્રાપ્ય સાધનોની શોધમાં ભટકે છે અને પ્રાપ્ત સાધનોનું મુલ્ય સમજ્યા વિના એનો ઉપયોગ કરતા નથી.

### ૪) यादृच्छिकत्वात् कृमिरपि रूपान्तराणि करोति

સંયોગાવશાત ઉધઈ પણ સુંદર આકૃતિ દોરે છે.

ઉધઈ લાકડાનો દુશ્મન ગણાય છે. એ કાષ્ઠને ભીતરથી કોતરી પોલું બનાવી દે છે. ક્યારેક ક્યારેક એનાં આ દુષ્કાર્યથી પણ લાકડામાં અનાયાસ સુંદર આકૃતિ ઉપસે છે. પરંતુ એથી એને કંઈ નિપુણ ચિત્રકાર ના માની બેસાય. એજ રીતે તે કોઈ મુર્ખ કે અજ્ઞાનીને સંયોગવશાત્ આકસ્મિક સફળતા મળી હોય એટલે એને અનુભવી અને નિપુણ ના મનાય.

### ૫) अल्पसारं श्रुतवन्तमयि न बहुंमन्ते लोकः

ગંભીર વિદ્વાનને લોકો સન્માન નથી આપતા.

વિદ્વાને હંમેશા ગંભીર રહેવું જોઈએ. વધુ બોલબોલ કરનારો ચંચળ મનુષ્ય ભલે ગમે તેટલો વિદ્વાન હોય તો પણ લોકો તેને આદર નથી આપતા. એટલું જ નહિ, એની વાત પણ લોકોને પ્રભાવિત નથી કરી શકતી. વિદ્વાનની જેમ રાજાએ પણ ગંભીર રહેવું જોઈએ.

### ૬) सारं महाजनसंग्रह पिडयति

અનેક લોકો નું ટોળું રાજકાર્યનાં ઉદેશને નષ્ટ કરે છે.

કોઈ પણ રાજકાર્યમાં મહાજન સંગ્રહ એટલે કે અનેક લોકોને નિમંત્રણ એ કાર્યનાં ઉદેશને નષ્ટ કરી નાખે છે. રાજકાર્ય તો વિદ્વાનોની સલાહથી જ કરવું જોઈએ. રાજ્ય કે સરકાર ચલાવવા માટે સમાન વિચારસરણી ધરાવતી વ્યક્તિઓ જ જોઈએ, ભિન્ન ભિન્ન વિચારસરણી ધરાવતી વ્યક્તિઓનો સમુહ ધરાવતું શાસન દીર્ઘ જીવી નથી નિવડતું.

## ૭)सुपुजितो अपि दुर्जनः पीडयत्वेत

ઉપકારીને દુઃખ પહોચાડયા વિના દુર્જનનો શાંતિ નથી સાંપડતી
જેમ સાપને દુધ પીને વિષવમન કરે છે. તેમ દુર્જન મનુષ્ય સૌનું અનિષ્ઠ કરે છે. એટલે સુધી કે તક મળતાં પોતાનાપર ઉપકાર કરનાર મનુષ્યનું પણ તે ખરાબ કરે છે.

## ૮)पदुत्तरे तृष्णापने सुलभमति सन्धानम

ચાલાક અને લોભી વધુ પડતી ધનિષ્ટતા કેળવે છે.
ચાલાક અને લોભી પોતાના દુઃસ્વાર્થના કારણે અપરિચીત લોકો સાથે પણ ગાઢ મિત્રતા અને પરિચય કેળવે છે અને એ પણ તત્કાળ. આવા લોકો થી સાવધ રહેવું જોઈએ કારણકે તેમની આધનીષ્ઠતા, એમના આ ઘરોબા પાછળ કોઈ કુપ્રયોજન છુપાયેલું હોય છે.

## ૯)दया धर्मस्य जन्मभूमिः

દયા ધર્મની જન્મભુમિ છે.
અન્યોના દુઃખને પોતાનું દુઃખ સમજવું એ જ દયા છે. જેના હૃદયમાં દયા ભારોભાર રહેલી હોય છે. એ મનુષ્ય જ સત્યના રાહે ચાલી શકે છે. અને સત્યને પંથે ચાલવું એ જ સાંચો ધર્મ છે. આથી દયા જ ધર્મની જન્મભુમિ છે.

## ૧૦) धर्म मुले सत्य दाने

ધર્મ જ સત્ય અને દાનનો જન્મ દાતા છે.
ધર્મજ મનુષ્યના સત્યની રક્ષા કરે છે અને એને અન્યોના કલ્યાણ માટે પ્રેરે છે. અન્યોનાં કલ્યાણ કરવા માટે મનુષ્યને કોઈને કોઈ ત્યાગ કરવો પડે છે. અને ત્યાગ સાચું દાન છે. આથી ત્યાગ એ બન્નેની જન્મદાતા ધર્મ જ છે.

## ૧૧) विद्या धनमधनानाम्

વિદ્યા નિર્ધનનું ધન છે.
નિર્ધન-દરિદ્ર માનવીની પાસે જો વિદ્યા હોય, અર્થાત તે વિદ્વાન હોય તો અકિંચન નથી રહેતો કારણ કે પોતાની વિદ્વતાનાં બળે કોઈને કોઈ આજીવિકા ખોળી કાઢે છે. અને પોતાની વિદ્યાના બળે તે સમાજમાં પુજનીય બને છે.

## ૧૨)विद्या चौरेरपि न ग्राह्या

વિદ્યાની ચોરી થઈ શકતી નથી.
વિદ્યા મનુષ્યનું એવું ધન છે જેને ચોર પણ ચોરી શકતા નથી. વિદ્વાન પુરુષનું આ ધન અક્ષય, અચૌર્ય, અવિભાજ્ય અને અન અપહરણીય હોય છે અને આ ગુપ્ત ધનનાં કારણે તેઓ સર્વત્ર પુજાય છે.

## ૧૩) गुणे न भत्सर:कार्य

ગુણ દ્વેષી ક્યારેય ના બનવું

ગુણ ગ્રાહી બનવામાં ક્યારેય આળસ ના કરવી જોઈએ. કોઈના પ્રત્યે તમારે ભલે ગમે તેટલી દુશ્મનાવટ હોય તો પણ એના ગુણ પ્રત્યે જરાયે તિરસ્કાર સેવ્યા વિના એને અપનાવવા જોઈએ.

## ૧૪) शत्रुः अपि सुगुणो गाह्य

શત્રુના પણ સદ્‌ગુણ સ્વીકારવા જોઈએ

શત્રુનો વિરોધ કરવો એ મનુષ્યની નૈતીક ફરજ છે. પણ જો એ ગુણોનો આદર કરવાનો અવસર સાંપડે તો, પોતાની ગુણગ્રાહિતાનો પરીચય આપી એની સાથે યોગ્ય વર્તાવ કરવો જોઈએ.

## ૧૫) कदापि मर्यादा नातिकर्मत

મર્યાદાનું ઉલ્લંઘન ક્યારેય ના કરવું

ભલે ગમે તેટલી સંપતી કે ગમે તેટલું સન્માન મળે તો પણ મનુષ્યે પોતાની મર્યાદામાંજ રહેવું જોઈએ. સંપતિ અને સન્માન મળવાથી છકી જવું એ મર્યાદાનું ઉલ્લંઘન છે. મર્યાદાનું ઉલ્લંઘન નરી મુર્ખતા છે.

## ૧૬) वयो अनुरूपः वेष

વેશભુષા વયને અનુરૂપ હોવી જોઈએ.

મનુષ્યે પોતાની વય (ઉંમર) અનુસાર વસ્ત્રો પરિધાન કરવા જોઈએ. સાઠ વર્ષ વિત્યા પછી, પચ્ચીસ વર્ષના જુવાનને છાજે એવી ટાપટીપ કરવાથી કે વસ્ત્રો પહેરવાથી લોકોમાં પ્રભાવ વધતો નથી, પણ હાંસીને પાત્ર થવાય છે.

## ૧૭) अत्युपचार शंक्तिव्यः

વધુ પડતી ઔપચારીકતા શંકાસ્પદ છે.

જો કોઈ વ્યક્તિ તમારું વધુ પડતું સન્માન કરે તો એ સન્માન શંકાની દ્રષ્ટિએ નિહાળવું જોઈએ. કારણકે તમારું એ સન્માન કરવા પાછળ, એ વ્યક્તિનો કોઈને કોઈ સ્વાર્થ છુપાયેલો હોવો જોઈએ.

## ૧૮) भुषणां भूषणं सविन्ता वद्या

વિનયી વિદ્યા અલંકારોની પણ અલંકાર છે.

વિદ્યા મનુષ્યનું શ્રેષ્ઠ આભુષણ છે, વિદ્યામાં જો વિનય ભળે તો એ અલંકારાનીયે અલંકાર બની જાય છે.

## ૧૯) गुरुं च देवं च

ગુરુ તથા દેવની પાસે ખાલી હાથે ના જવું.

રાજાની જેમ ગુરુના નિવાસસ્થાને અને દેવ મંદિરમાં પણ ખાલી હાથે ન જવું કારણ કે એ બન્ને શ્રદ્ધેય અને પુજનીય હોય છે.

# પ્રાર્થના

હે પ્રભુ !

વિપત્તિમાં મારી રક્ષા કરો, એ મારી પ્રાર્થના નથી, પણ વિપત્તિમાં હું ભયન પામું એ મારી પ્રાર્થના છે.

દુ:ખને સંતાપથી ચિત્ત વ્યથિત થઇ જાય ત્યારે મને સાંત્વનાં ન આપો તો ભલે, પણ દુ:ખ પર હું વિજય મેળવી શકું એવું કરજો.

મને સહાય ન આવી મળે તો કાંઇ નહિ, પણ મારું બળ તુટી ન પડે, સંસારમાં મને નુકશાન થાય કેવળ છેતરાવાનું જ મને મળે તો મારા અંતરમાં હું તેને મારી હાની ન માનું તેવું કરજો.

મને તમે ઉગારો એવી મારી પ્રાર્થના નથી, પણ હું તરી શકું એવું બાહુબળ મને આપો.

મારો બોજો હળવો કરી મને ભલે હૈયા ધારણા ન આપો, પણ એને હું ઉચકી જઇ શકું તેવું કરજો.

સુખના દિવસોમાં નમ્ર ભાવે તમારું મુખ હું ઓળખી શકું, દુ:ખની રાત્રે સમગ્ર ધરા જ્યારે પગ તળેથી ખસી જાય ત્યારે તમે તો છો, એ વાતમાં કદી સંદેહ ન થાય તેવું કરજો.



## २०) दुर्गतैः रक्षति पित्तरौ पुत्रः

માતા-પિતાને દુ:ખોમાંથી ઉગારનાર પુત્ર જ સાચા અર્થમાં પુત્ર છે.

જે કાર્યોથી માતા-પિતાને સુખ સાંપડે, જે વિષમ સંજોગોમાં માતા-પિતાની ટેકણલાકડી બને અને જેના માટે માતા-પિતા ગર્વ અનુભવે એ જ સાચો પુત્ર છે.

## २१) उपस्थिती विनाशः पच्यवाक्यं न श्रणोति

વિનાશ સાચી શિખામણ નથી સાંભળતો.

વિનાશકાળે વિપરીત બુધ્ધિ. વ્યક્તિનું જ્યારે પતન થવાનું હોય ત્યારે તેને તમે ગમે તેટલી સાંચી શિખામણ આપો તો પણ તે સાંભળશે નહી અને વિનાશના પંથે આગળ ધપશે.

## २२) न चक्षुषः समं ज्योतिरस्ति

દ્રષ્ટિ સમાન જ્યોત અન્ય કોઈ નથી.

દ્રષ્ટિના હોય તો સમગ્ર સંસાર અંધકારમય બની જાય છે. આથી દ્રષ્ટિને સર્વ જ્યોતમાં શ્રેષ્ઠ માનવામાં આવી છે.

## २३) नानृतात्पातकं परम्

અસત્ય થી ચડિયાતું પાપ નથી.

જુઠુ બોલવું અપ્રમાણિક્તા આચરવી એ સૌથી મોટું પાપ ગણાય છે, એનું આચરણ કરવાથી મનુષ્ય પોતાની જ ઘોર નથી ખોદતો બલકે સમગ્ર સમાજને વીનાશના પંથે ધકેલે છે.

## २४) ना र्चिष्वज्ञा कार्या

યાચકની અવજ્ઞા ના કરો.

દુર્ભાગ્યે નિર્ધન અને અભાવગ્રસ્ત બની તમારે ત્યા મદદની ભીખ માંગવા આવે તે યાચકને ક્યારેય અપમાનિત કરી તગેડી ના મુકો. કુદરતે નિયતિએ એને હેરાન પરેશાન કરી નાખ્યો હોય છ, તો પછી એને સહાય કરવાને બદલે એની પરેશાનીમાં શા માટે વૃધ્ધિ કરવી ?

## २५) विषामृतयोशकरो जिव्हा

જિહ્વા જ વિશ અને અમૃતની ખાણ છે.

જીભમાંજ અમૃત છે અને વિષ પણ. જે શબ્દો ઉચ્ચારવાથી કોઈના હૃદયને દુ:ખ પહોંચે એ શબ્દોને વીષ કહે છે. અને જે શબ્દો સાંભળવાથી પોતાનું દુ:ખ વીસરી જાય એ શબ્દોને અમૃત કહે છે. આથી પોતાની જીભને, પોતાની વાણીને અમૃતતુલ્ય કે વીષ તુલ્ય બનાવવી એ વ્યક્તિના પોતાના હાથમાં છે.

## २६) स्तुताअपि देवतास्तुस्यति

સ્તુતી કરવાથી દેવો પણ પ્રસન્ન થાય છે.

મનુષ્યો તો શું દેવો પણ એમની સ્તુતિથી પ્રસન્ન થાય છે. આથી સ્તુતિ (પ્રશંસા) દ્વારા સૌને પ્રસન્ન કરવા જોઈએ અને પોતાનું ધાર્યું કામ કઢાવવું જોઇએ.

## २७) अत्ती दीप्तो अपि खद्योतो न पावकः

પ્રકાશથી સભર હોવા છતાંયે આગિયો અગ્નિ નથી બની શકતો.

આગિયો ભલે એના પ્રકાશથી ખુબ ચમકે, પણ એ અગ્નિ તો નથી જ બની શકતો કારણ કે તે કોઈપણ પદાર્થને સળગાવી નથી શકતો. એ જ રીતે જે વ્યકિતનું મન કમજોર હશે તે ક્યારેય કોઈ હીંમતભર્યું કામ નહી કરી શકે.

## २८) यथा बीजं तथा निष्पतिः

જેવું બીજ તેવું ફળ.

વાવો તેવું લણો અને કરણી તેવી ભરણી. સારાં કાર્યોનું સુફળ અને દુષ્કૃત્યોનું દુષ્પરિણામ.

* સમર્પણ છે લાકડા જેવું, એને કોઇ ડુબાડી શકતું નથી,
  જ્યારે અહંકાર છે પથ્થર જેવો, એને કોઇ તારી શકતું નથી.

* મારું મારું કરશો તો મરી જશો, તારું તારું કરશો તો તરી જશો.

* સંસારમાં સુખી થવાનો રસ્તો, આવકનો વધારો નહિ પણ જરૂરતનો ઘટાડો છે.

* પરમાત્માને પ્રાર્થના કરજો કે હે પ્રભુ આ દુનિયાને સુધારજે પણ શરૂઆત મારાથી કરજે.

* પોતાનું હોય તે જાય નહિ અને જાય તે પોતાનું નહિ. આ ગણિત અગણિત સંકલેશોથી ઉગારી લેશે.

* આપતા પહેલાં એક વાર વિચાર કરવો, લેતાં પહેલાં બે વાર અને માંગતા પહેલા હજારવાર.

# પ્રાર્થના

હે પ્રભુ !

વિપત્તિમાં મારી રક્ષા કરો, એ મારી પ્રાર્થના નથી, પણ વિપત્તિમાં હું ભયન પામું એ મારી પ્રાર્થના છે.

દુ:ખને સંતાપથી ચિત્ત વ્યથિત થઇ જાય ત્યારે મને સાંત્વનાં ન આપો તો ભલે, પણ દુ:ખ પર હું વિજય મેળવી શકું એવું કરજો.

મને સહાય ન આવી મળે તો કાંઇ નહિ, પણ મારૂં બળ તુટી ન પડે, સંસારમાં મને નુકશાન થાય કેવળ છેતરાવાનું જ મને મળે તો મારા અંતરમાં હું તેને મારી હાની ન માનું તેવું કરજો.

મને તમે ઉગારો એવી મારી પ્રાર્થના નથી, પણ હું તરી શકું એવું બાહુબળ મને આપો.

મારો બોજો હળવો કરી મને ભલે હૈયા ધારણ ન આપો, પણ એને હું ઉચકી જઇ શકું તેવું કરજો.

સુખના દિવસોમાં નમ્ર ભાવે તમારૂં મુખ હું ઓળખી શકું, દુ:ખની રાત્રે સમગ્ર ધરા જ્યારે પગ તળેથી ખસી જાય ત્યારે તમે તો છો, એ વાતમાં કદી સંદેહ ન થાય તેવું કરજો.



# -: તારા દર્શન :-

આકાશ દર્શન ૨૦૧૦

તા. ૨૦-૩-૨૦૧૦

પ્રકૃતિ પાસે કેટલીક આગણિત અદ્‌ભૂત કલાકૃતિઓ છે. આપણ ને એ કલાકૃતિઓ જોવાનો લહાવો સંજોગો અનુસાર મળે છે. તો એજ પ્રકૃતિની ગોદમાં બેસીને અવકાશ દર્શનના સફરનો લાભ વૈદિક જ્યોતિષ સંસ્થા દ્વારા આયોજિત તા. ૨૦-૩-૨૦૧૦, શનિવારના રોજ સાંજ થી બીજા દિવસ ના સવાર સુધી સંસ્થાના વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનો એ લીધો.

જ્યોતિષ શાસ્ત્ર એ ખગોળ શાસ્ત્રમાંથી ઉદભવેલી વિદ્યા છે અને જ્યોતિષ શાસ્ત્રને સમજવા માટે ખગોળીય વસ્તુઓની સમજણ ખૂબ જ જરૂરી હોય છે. માટે M. K. E. S. સ્કૂલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં હાજર રહેલા ખગોળ જિજ્ઞાસુઓ માટે નહેરુ પ્લેનેટોરીયમ માંથી આવેલા ખગોળશાસ્ત્રીઓ એ અવકાશમાં સમાયેલા તારમંડળ, નક્ષત્ર, રાશિઓ, ગ્રહો તેમના સ્વભાવ અને પ્રભાવને ખૂબજ સારી રીતે આકાશ દર્શનમાં હાજર રહેલા રસિકો સામે રજૂ કર્યા.

શુક્ર ગ્રહની સુંદરતા જોઇ કાર્યક્રમની શરૂઆત થઈ, અને મનના કારક ચંદ્ર એ રસિકોને મનમોહિત કરી દીધા. તે જ સાથે સૂર્ય પુત્ર શનિને ભ્રમણ કક્ષામાં ફરતા જોઈ ઉપસ્થિત નાના-મોટા સહુ આશ્ચર્ય ચકિત થઇ ગયા. આમ તો શનિની કથાઓ વાંચીને સાંભળીને તેના પ્રત્યેનો ભય મનમાં લઈ આવેલા રસિકો તેના દર્શન કરી પ્રફુલ્લિત થઇ ગયા. પછી થોડા જ વખતમાં અવકાશ મંડળમાં પોતાના મહાકાય કદ માટે જાણીતા એવા ગુરુના ગ્રહના દર્શન તેમના પાંચ ચંદ્ર સહિત થયા અને મંગળ ગ્રહના રંગ અને તેની છટા એ ત્યાં ઉત્સાહ આપ્યો.

અવકાશમાં કેન્દ્રીત થયેલા ગ્રહો અને નક્ષત્રોની દિવ્યતા જોવાની સાથે સાથે સંસ્થાના વિદ્વાનો દ્વારા આપેલા જ્યોતિષશાસ્ત્રના તર્ક-વિતર્કની માહિતીએ ત્યાં ઉપસ્થિત લોકોની શાસ્ત્ર પ્રત્યેની દરેક મુઝવણો દૂર કરી. પછી તે મેષ રાશીથી મીન રાશિનો પ્રશ્ન હોય કે મંગળ ની પ્રબળતા હોય કે ચંદ્રની શીતળતા હોય. બુધની બુધ્ધિમતા, ગુરુની જ્ઞાન અને શુકની સુંદરતા થી માંડીને આયુષ્યકારક શનિ સુધીના બધા વિષયો પરના રસપ્રદ પ્રવચનો એ લોકો ની નીંદરને પણ ભૂલાવી દીધી. અને અવકાશના નકશાને દ્રશ્ય-શ્રાવ્ય (Slide-Show) નાં માધ્યમ દ્વારા પૃથ્વી પર લાવવાની નહેરુ પ્લેનેટોરીયમમાંથી આવેલા ખગોળશાસ્ત્રીઓની કોશિશે ત્યાં હાજર રહેલા બાળકો થી માંડીને યુવાનો સુધીનો ઉત્સાહ વધારી દીધો. ગ્રહો નક્ષત્રોની રંગીન તસ્વીરોએ લોકોને આનંદ વિભોર કરી દીધા.

આખી રાત્રિ દરમ્યાન ચાલી રહેલા આકાશ દર્શનના કાર્યક્રમ માં ચા-કોફી અને અલ્પાહારની મોજ બધા એ માણી.

આખા રાત્રિના મીઠા જાગરણ પછી પણ બ્રહ્મમુહુર્તમાં બુધજી ના દર્શન ની જીજ્ઞાસાએ લોકોની અંદર તાજગી ભરી દીધી. લોકાના મુખ પર સંતોષ સ્પષ્ટ પણે છલકી રહ્યો હતો. અને એ જ સંતોષ સાથે સૂર્ય નરાયણ ભગવાનના તેજસ્વી તેજનુ દર્શન કરી લોકો એ વિદાય લીધી અને ઘર તરફ પ્રયાણ કર્યું.

વૈદિક જ્યોતિષ સંસ્થાન દ્વારા યોજાયેલા આ કાર્યક્રમની સફળતાનો શ્રેય ત્યાં ઉપસ્થિત નાના-મોટા સહુને જાય છે. પણ આ કાર્યક્રમની પાછળ પોતાની મદદ આપનારા વ્યવસ્થાપક સમિતિનો જ્યાં સુધી આભાર ન મનાય

ત્યાં સુધી આકાશ દર્શનની સફળતા પૂરી ન થઈ કહેવાય માટે વૈદિક જ્યોતિષ સંસ્થા વ્યવસ્થાપક સમિતિનો ખૂબ આભાર માને છે. કહી ન શકાય કે આ એક પાનાના લેખ સાથે આકાશ દર્શનની છબી પ્રસ્તુત થઈ છે. પણ આકાશદર્શનમાં હાજર રહેલા લોકોના ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસનો પારનું વર્ણન આ લેખમાં પુરું થતું નથી. કારણકે તે અવર્ણનીય અને અવિસ્મરણિય છે.

વૈદિક જ્યોતિષ સંસ્થા દ્વારા યોજાતા આવા કાર્યક્રમ જ્યોતિષ વિદ્યા ને જાળવી અને ટકાવી રાખવા અને લોકો સુધી પહોંચાડવામાં મદદરૂપ છે.

।। હરી ૐ ।।

સંકલન :

**ઝંખના દવે**

---

*We are greatful to the Trustees, Committee and Management of the following Institutions for permitting us to utilize their premises for conducting our classes.*

1. Sheth N. L. High School, Malad
2. Smt. J. B. Khot High School, Borivali

**We are greatful to the Newspaper and all advertisers for their best co-operation.**

**1) JANMABHOOMI** **2) DIVYA BHASKER**

**3) MUMBAI SAMACHAR** **4) GUJARAT SAMACHAR**

**5) MID DAY GUJARAT**


JYOTISH SANSTHAN
21/03

